ધી કિંગ રીડર્સ નં. ૨ જાના અર્થ આખી બુકના ગુજરાતી તરજુમા સાથે.

A GUIDE

TO

THE KING READERS, NO. II.

CONTAINING

GRAMMATICAL, IDIOMATICAL AND PHRASEOLOGICAL EXPLANATIONS, WITH PRONUNCIATIONS OF ALL THE WORDS IN GUJARATI AND MARATHI, AS WELL AS ENGLISH, GUJARATI AND MARATHI MEANINGS, TOGETHER WITH A GUJARATI TRANSLATION OF THE WHOLE BOOK; GIVING THE PUPIL EVERY FACILITY AND ALL THAT IS REQUIRED TO GO SMOOTHLY THROUGH THE TEXT.

(Registered Under Act XXV of 1867.)

Bombay.

PUBLISHED & SOLD

BY

NANABHAI BEJANJI KARANI,

BOOK-SELLER, PUBLISHER, &c.

33, DHOBI TALAO.

Price 12 Annas.

A GUIDE TO

THE KING READERS, No II.

GOD ખોદા ईश्वर.

God, *n.* (ગૉડ) ખોદા. गॉड-ईश्वर. The Supreme Being.
Made, *v. t.* (મેડ) બનાવ્યો. मेड्-केलें. Created. [the lungs.
Breathe, *v. t.* (બ્રીધ) દમમાં લઉં છું. ब्रीद्-श्वास घेणें, Draw into
Clothes, *n.* (કલોધઝ) કપડાં, क्लोद्ज-कपडे. Dress.
Wear, *v. t.* (ઉવેર) પહેરૂં છું वेअर-वापरणें. Put on.
Dwell, *v. i* (ડવેલ) રહું છું. ड्वेल-राहणें, Live.
Friends, *n.* (ફ્રેન્ડઝ) મિત્રો फ्रेंड्स-मित्र, Companions.
Dear, *adj.* (ડિયર) વહાલા डिअर-प्रिय Beloved.
Nose, *n.* (નોઝ) નાક नोज़-नाक. The organ of smell.
Mouth, *n.* (માઉથ) મોઢું माउथ्-तोंड. [the tongue.
To taste, *inf.* (ટેસ્ટ) સ્વાદ લેવો टेस्ट्-चव घेणें To perceive with
Feel, *inf.* (ફીલ) લાગવુ फील्-स्पर्श जाणणें. To perceive by touching.
Above all બધાં ઉપરાંત सर्वांत अधिक. besides all these.
Right, *n.* (રાઇટ) ખરૂં राइट्-खरें. Just; true.
Wrong, *n.* (રૉન્ગ) रॉंग्-खोटें. Unjust; not true.
Beasts, *n.* (બીસ્ટઝ) પશુઓ, बीस्टस-पशु Wild animals.
Fishes, *n.* ફિશિઝ) માછલીઓ फिशेस्- मासे. Animals living in water.
worms, *n.* (ઉવર્મઝ) કીડીઓ वर्म्स-किडे. Small creeping animals.
Insects, *n.*(ઇનસેકટઝ) જીવજંતુ इन्सेक्टस्-जंतु. Small flying animals.
Creatures, *n.* (ક્રીચઝ) પ્રાણીઓ, क्रीचर्स-प्राणी. Animals.
Care, *n.* (કેર) સંભાળ. केअर-काळजी Regard.
Fear, *v. t.* (ફિયર) બીહે છે. फिअर-भय बागळतात. Are afraid of.
Lie, *v. i.* (લાઇ) જુઠું બોલવું लाय्-खोटें बोलणें. Tell a lie. [secretly.
Steal, *v. i.* (સ્ટીલ) ચોરી કરવી स्टील्-चोरी करणें Take away
Else, *n.* (એલ્સ) બીજું. एल्स्-दुसरें Other.
Hates, *v. t.* (હેટઝ) ધિક્કારે છે. हेट्स्-द्वेष करतो Dislikes.

Wish, *v. t.* (વિશ) ઇચ્છું છું. वुइश्-इच्छा आहे. Desire.

Praise, *v. t.* (પ્રેઝ) વખાણવું प्रेज्-स्तुति करणें. Admire.

I ought to do મારે કરવું જોઇએ मला केलें पाहिजे It is my duty to [do

Pray, *v. i.* (પ્રે) બંદગી કરવી प्रे-प्रार्थना करणें Invoke.

Keep, *v. t.* (કીપ) અટકાવવું कीप्-दूर राखणें. Prevent

Sin, *n.* (સિન) પાપ. सिन्-पाप Wicked act.

(૧) ખોદાએ મને બનાવ્યો. જે સઘળી સારી ચીજો મારી પાસે છે તે તેણે મને આપી. જે હવા હું દમમાં લઉં છું, જે ખોરાક હું ખાઉં છું, જે કપડાં હું પહેરૂં છું, જે ઘરમા હું રહું છું, અને જે દોસ્તો મને વહાલા છે તે મને તે આપે છે. (૨) તેણે મને સાંભળવાને કાન, જોવાને આંખ, સુંઘવાને નાક, ચાખવાને અને બોલવાને મોહું, પારખી જોવાને અને કામ કરવાને હાથ, અને ચાલવાને પગ આપ્યા છે; તે બધા ઉપરાંત તેણે મને મગજ આપ્યું છે, કે જે વડે વિચારી શકાય અને ખરૂં ખોટું પારખી શકાય. (૩) ખોદાએ સુરજ, ચંદ્ર અને તારા બનાવ્યા. ખોદાએ જે સઘળાં પશુઓ જમીન ઉપર ચાલે છે, જે સઘળાં પક્ષીઓ હવામાં ઉડે છે, જે સઘળી માછલીઓ પાણીમાં રહે છે, અને સઘળા કીડા, જીવ. જંતુ અને બીજાં પ્રાણીઓને બનાવ્યાં. (૪) આપણે ખોદાને જોઇ શકતા નથી પણ જે સઘળું આપણે કર્યે છીયે તે તે જુએ છે, અને આપણી સંભાળ લે છે. જે સઘળા તેને ચાહે છે, અને તેનેથી બીહે છે, તેઓ તરફ તે માયાળુ છે. આપણને જુઠું બોલવું અથવા ચોરી કરવી ન જોઇએ, અથવા બીજી કંઇ ચીજ જે તે ધિક્કારે તે કરવી ન જોઇએ. (૫) ખોદા આપણી તરફ કેટલો ભલો છે. હું ઇચ્છું છું કે જેમ મારે તેને ચાહવો જોઇએ અને તેની વખાણ કરવી જોઇએ, તેમ હું તેને ચાહું અને તેની વખાણ કરૂં. તેમ કરવાને મને મદદ કરવાને, અને સઘળા પાપથી મને દુર રાખવાને હું તેની બંદગી કરીશ ત્યાર પછી હું સુખી અને ભલો થઇશ.

GOD MADE ALL THINGS.

ખોદાએ બધી ચીજો બનાવી. ईश्वरानें सर्व वस्तु निर्माण केल्या.

Opens, *v. i.* (ઓપન્‌ઝ) ઉઘડે છે. ओपन्स्-फुलतें. Uncloses. Itself.

Sings, *v. i.* (સિંગઝ) ગાય છે. सिंग्ज्-गातो. Utters a sweet sound.

Pretty, *adj.* (પ્રિટિ) સુંદર. प्रेटि-सुंदर. Beautiful.

Colours, *n.* (કલર્ઝ) રંગો कलर्स-रंग Hues.

Tiny, *adj*. (ટાઇનિ) નાની. टिनि–चिमुकलें. Small.
Purple-headed, *adj*. (પરપલ–હેડેડ) જાબુરા રંગના મથાળાંવાળો पर्पल् हेडेड्–जांभळ्या शिखराचा With a purple top.
Mountain, *n*. (માઉન્ટન) પહાડ. माउन्टन्–पर्वत. A high hill.
River, *n*. (રિવર) નદી. रिव्हर–नदी. A stream of fresh water.
Running, *pres. part*. (રનિંગ) વહેતી रनिंग्–वहाणारी Flowing.
By, *ad*. (બાઇ) પાસે. बाय्–जवळून Near. [setting of the sun.
Sunset, *n*. (સનસેટ) સુરજનું અસ્ત પામવું. सन्सेट्–सूर्यास्त The
Brightens up, *v. t*. (બ્રાઇટન્ઝ અપ) પ્રકાશીત કરે છે. ब्राइटन्स् अप-प्रकाशवितेे Lights up.
Winter, *n*. (વિન્ટર) શિયાળો. वुइंटर-हिंवाळा Cold season.
Pleasant, *adj*. (પ્લેઝન્ટ) ખુશનુંમા. प्लेझंट्--आनंददायक. Delightful.
Summer, *n*. (સમર) ઉનાળો. समर-उन्हाळा. Hot season.
Ripe, *adj*. (રાઇપ) પાકા राइप्-पक्क. Not raw.

(૧) દરેક નાનું ફુલ જે ઉઘડે છે, દરેક નાનું પક્ષી જે ગાય છે, તેઓના સુંદર રંગો ખોદાએ બનાવ્યા, તેઓની સુંદર પાંખો ખોદાએ બનાવી. (૨) જાબુરાં રંગના મથાળાંવાલો પહાડ, પાસેથીવહેતી નદી, સુરજનું અસ્ત પામવું અને સહવાર જે આકાશને પ્રકાશીત કરેછે. (૩.) શિયાળામાં ઠંડો પવન,ખુશનુમા ઉનાળાનો સુરજ, બાગમાં પાકાં ફળો,ખોદાએ તે દરેકને બનાંવ્યાં.

THE RISING SUN. ઉગતો સુરજ उगवणारा सूर्य.

Rising. *adj*. (રાઇઝિંગ)ઉગતો. राइझिंग-उगवणारा. Beginning to shine
Has risen, *v. i*. (હૅઝ રિઝન) ઉગ્યો છે. हॅज् रिझन्–उगवला आहे. Has begun to shine.
Just. *ad*. (જસ્ટ) હમણાજ. जस्ट्-आतांच. Just now.
Getting, *pres. part*. (ગેટિંગ) જતો. गेटिंग–येत, चढत. Going.
Heat, *n*. (હીટ) ગરમી. हीट्–ऊष्णता Warmth.
Lands, *n*. (લૅન્ડઝ) મુલકો. लँडस्–प्रदेश. Countries.
Clearly, *ad*. (કલિયરલિ) ખુલ્લી રીતે. क्लिअरलि–स्पष्टपणें. Distinctly.

Ponds, *n.* (પૉન્ડઝ) તળાવ. पाँडस्–डबकीं. Tanks.

Were hidden. *v. t.* (ઉવર હિડન) છુપાયલાં હતાં. वेअर हिडन्–अदृश्य होतीं. Were concealed.

Darkness, *n.* (ડાર્કનેસ) અંધારૂં. डार्कनेस–अंधार. Gloom.

Bright, *adj.* (બ્રાઇટ) પ્રકાશતી. ब्राइट– चकचकीत. Shining.

Beautiful, *adj.* (બ્યુટિફુલ) સુંદર. ब्यूटिफुल्–सुंदर. Pretty, Fine.

Is spreading, *v. t.* (ઇઝ સ્પ્રેડિંગ) પંથરાય છે. इज़् स्प्रेडिंग–पसरत आहे. Is extending.

Earth, *n.* (અર્થ) દુન્યા. अर्थ–पृथ्वी. The world.

Warm, *adj.* (ઉવૉર્મ) ગરમ. वॉर्म–उबदार. Hot.

Cock, *n.* (કૉક) મરઘો. कॉक्–कोंबडा. The male fowl. [a cock.

To crow, *inf.* (ટુ ક્રો) કુકરે કુક કરવું. क्रो–कुकडेकुक करणें. To cry as

Farmer, *n.* (ફારમર) ખેડુત. फार्मर–शेतकरी. Husbandman.

Got up, *v. i.* (ગૉટ અપ) ઉઠયા. गॉट्अप्–उठला. Awoke.

Bullock-shed, *n.* બુલૉક–શેડ) બળદને રાખવાનું ઝુપડું. बुलक्शेड्–गोठा. A stable for keeping bullocks. [up the soil.

Plough, *n.* (પ્લાઉ) હળ. प्लाउ–नांगर. An instrument for turning

Began, *v. t.* (બિગૅન) શરૂ કીધું बिगॅन्–आरंभ केला. Commenced.

To plough, *inf.* (ટુ પ્લાઉ) હળ ખેડવો. टु प्लाउ–नांगरणें. To turn up the soil with a plough. [manages a boat.

Boat-man, *n.* (બોટ-મન) મછવાવાળો. बोटमन्–तरवाला. One who

Ready, *adj.* (રેડિ) તૈયાર. रेडि–तयार. Prepared. [rowing.

To row, *inf.* (ટુ રો) હંકારી લઇ જવું. रो–वलावून नेणें. To carry by

Across, *prep.* (ઍક્રૉસ) પેલેપાર. अॅक्रॉस–पैलपार. On the other side.

Pushing, *pres. part.* (પુશિંગ) હડસેલતો. पुशिंग–लोटीत. Moving.

To rise, *inf.* (ટુ રાઇઝ) ઉઠવું. राइज–उठणें, Get-up. [well.

Soundly, *ad.* (સાઉન્ડલિ) ભર साउन्डलि–निर्भयपणें, स्वस्थपणें. Fast

(૧) સુરજ હમણાજ આકાશમાં ઉગ્યોછે. ત્યાં તે વધારે અને વધારે ઉંચે જતો છે. સહવાર પડી છે. આખી રાત સુરજ બીજા દુરના મુલકોને રોશની અને ગરમી આપે છે. હવે તે આપણી તરફ પાછો આવ્યો છે. (૨) અંધારીરાતે

આપણે કોઇ પણ ચીજ ખુલ્લે ખુલ્લી જોઇ શકતા નથી. ખેતરો અને ટેકરીઓ, નદીઓ અને તળાવો, ઝાડો, ઘરો સઘળાં અંધારાથી છુપાયલા હતાં. હવે સુંદર સુરજની પ્રકાશિત રોશની પૃથ્વી ઉપર પંઠરાય છે. એકવાર ફરીથી આપણે દરેક ચીજ ખુલ્લે ખુલ્લી જોઇ શકશું. (૩) પ્રકાશીત સુરજ દિવસ બનાવે છે. જો આકાશમાં સુરજ ન હોત તો હંમેશા અંધારૂં થતે. સુરજ વળી આપણને ગરમ કરે છે. જો સુરજ ન હોત, તો એટલી ઠંડી પડતે કે આપણામાનો એક પણ જીવી શકતે નહિ. (૪) સહવારે સકારે સુરજ દેખાયો તેની આગમજ મરઘો કુકડે કુક કરવા લાગ્યો. ત્યાર પછી ખેડુત ઉઠયો. તે બળદના ઝુપડામાં ગયો અને બળદને બાહાર કાઢયા. તે ખેતરમાં હળ લઇ ગયો અને હળથી ખેડવા લાગ્યો. ત્યાં તમે તેને તેની પછવાડે સુરજ સાથે હળથી ખેડતો જોઇ શકશો. (૫) મછવાવાળો પણ ઉઠયો, અને લોકોને નદીને પેલેપાર હંકારી લઈ જવાને તૈયાર થઇને નદી આગળ ગયો. ત્યાં તમે તેને પોતાનો મછવો પાણીમાં હડસેળતો જુઓ છો. (૬) દિવસ એ કામ કરવાનો વખત છે. જ્યારે સુરજ ઉગે છે, ત્યારે આપણે પણ ઉઠવું જોઈએ જે આખો દહાડો સખત કામ કરે છે, તેને રાત્રે ભર ઉંઘ આવશે.

THE SILLY LAMB- મુર્ખ ઘેટું वेडें कोंकरूं.

Silly, *adj*. (સિલિ) મુર્ખ. सिलि-मूर्ख. Foolish; artless.
Lamb, *n*. (લૅમ) ઘેટું लॅम्-कोंकरूं. The young one of a sheep.
Shepherd, *n*. (શેપર્ડ) ભરવાડ. शेपर्ड्-धनगर. One who keeps sheep.
Sheep, n. (શીપ) મેંઢાં. शीप्-मेंढ्या. Animals that bear wool.
Fresh, *adj*. (ફ્રેશ) તાજું. फ्रेश्-ताजें. New.
Grass, *n*. (ગ્રાસ) ઘાસ. ग्रास्-गवत.
Clear, *adj*, (કલિયર) સ્વચ્છ. क्लिअर-स्वच्छ. Clean.
Sick, *adj*. (સિક) માંદું. सिक्-आजारी. Unwell.
Climbed, *v. i*. (કલાઇમ્બ્ડ) ચઢયાં. क्लाइम्ड्-चढत. Went up.
Steep, *adj*. (સ્ટીપ) ઊભી. स्टीप्-उभी. High; Lofty.
Tired, *v. t*. (ટાયર્ડ) ઠાકેલા. टायर्ड्-दमलेली. Worn out.
Used, *v. i*. (યુઝ્ડ) ટેવ હતી. यूज्ड्-संवयहोती. Was accustomed.
Supper, *n*. (સપર)રાતનું ખાણું. सपर-रात्रीचें जेवण. The evening meal.
Field, *n*. (ફીલ્ડ) ખેતર. फील्ड-शेत. Farm.

Tune, *n.* (ટ્યુન) રાગ. टयून-राग, पद. Note. [of music.
Pipe, *n.* (પાઇપ) વાંસળી. पाइप् बासरी,पांवरी. A wind-instrument
Grew, *v. i.* (ગ્રુ) થયું. ग्रू होई. Became.
Flock, *n.* (ફ્લૉક) ટોળું. फ्लॉक्-कळप. A company of sheep.
Drove, *v.t.* (ડ્રોવ) હાંકીલઇ ગયો. ड्रोव्ह्-हांकूननेई. Took by driving.
Fold, *n.* (ફોલ્ડ) મેંઢાનો વાડો. फोल्ड–मेंढवाडा. A sheep-pen.
Penned, *v. t.* (પેન્ડ) બંધ કરતો. पेन्ड्–कोंडूनठेवी. Shut.
Lay, *v. i.* (લે) પડી રહેતાં ले-रहात. Rested.
Snug, *adj.* (સ્નગ) સુખદાયક. स्नग्-चिकटून. Comfortable.
Enter, *v. i.* (એન્ટર) દાખલ થવું. एन्टर-शिरणें. go in.
To harm, *v. t.* (ટુ હાર્મ) ઈજા કરવી. टु हार्म–इजा करण्यास. To hurt
To guard, *inf.* (ટુ ગાર્ડ)ચોકી કરવા. टु गार्ड्–रक्षण करण्यास. To watch
To bark, *inf.* (ટુ બાર્ક) ભસવું. टु बार्क-भुंकण्यासाठीं To make the noise of a dog.
Anybody, *n.* (ઍનિબડિ) કોઇ શખસ. एनिबडि–कोणीहि. Any one.
Let them out, બહાર કાઢતો હતો. त्यानां बाहेर सोडी. Took them out.
Dearly, *ad.* (ડિયરલિ) હેતથી. डियरलि–प्रेमानें. Affectionately.
Loved, *v. t.* (લવ્ડ) ચાહતાં હતાં. लव्हड्- प्रीतिकरीत. Liked.
Except, *prep.* (એકસેપ્ટ) શિવાય. एक्सेप्ट्–शिवाय. But; save.
Foolish, *adj.* (ફુલિશ) મુર્ખ. फुलिश्–मुर्ख. Silly.
To be shut up, બંધ થયેલું. कोंडलेलें राहणें. To be penned.
Wise, *adj.* (ઉવાઇઝ) ડાહ્યું. वाइज्–शहाणी. Sensible. [surprised.
Wonder, *v, t.* (ઉવનડર) અજબ થાઉં છું. वन्डर–आश्चर्य वाटते. Am
Hard, *adj.* (હાર્ડ) ઘાટકી. हार्ड्–निष्ठुरतेचें. Cruel.
Escape, *v. i.* (એસ્કેપ) નાસી જવું. एस्केप्–पळणें. Run away.
Please, *v. i.* (પ્લીઝ) મરજી પડવી. प्लीज् वाटतें, आवडतें. Like.
Pleasant, *adj.* (પ્લેઝન્ટ) ખુશનુમા. प्लेझंट-सुखदायक. Delightful.
Woods, *n.* (વુડ્ઝ) જંગલ. वुड्स् अरण्य, रान, Forest. [moon.
Moonlight, *n.* (મુનલાઇટ) ચાંદરણું. मुनलाइट्–चंद्रप्रकाश. Light of the
Stay, *inf.* (સ્ટે) રહેવું. स्टे–रहावें. Live.

Bids, *v. t.* (બિડઝ) ફરમાવે છે. बिडस्-हुकुम करतो Directs.
By yourself એકલાં एकटें. Alone.
Harm, *n.* (હાર્મ) हार्म–दुखापत. Injury.
Crept, *v. i.* (ક્રેપ્ટ) ભરાતું ગયું. क्रेप्ट–छपत गेलें. Stole.
Slily, *ad.* (સ્લાયલિ) છાનુમાન. स्लायलि–चोरून, गुप्तपणें Secretly.
Hedge, *n.* (હેજ) વાડ. हेज़्–कुंपण. Fence.
Hid, *v. t.* (હિડ) છુપાયું. हिड्–लपलें. Concealed.
Rest, *n.* (રેસ્ટ) બાકીના. रेस्ट्–बाकीचीं. Remaining.
Fast asleep, ભર ઉંઘમાં હતાં. गाढ निजलेलीं. Were in sound sleep.
Jumped, *v. i.* (જમ્પ્ડ) કુદયું. जम्पड्–उड्या मारूं लागलें. Leaped.
Danced, *v. i.* (ડાન્સ્ડ) નાચ્યું. ड्यान्स्ड–नाचूं बागडूं लागलें. Leaped.
Frisked, *v. i.* (ફ્રિસ્ક્ડ) ગેલ કીધો. फ्रिस्क्ड्–आनंदानें बागडलें. Skipped.
Savage, *adj.* (સૅવેજ) જંગલી, सॅव्हेज्-क्रूर. wild.
Wolf, *n.* (વુલ્ફ) વરૂ. वूल्फ-लांडगा. A wild beast of prey. [fast.
Rushing, *pres. part.* (રશિંગ) ધશી આવતું. राशिंग–धांवत. Running.
Cave, *n.* (કેવ) ગુફા. केव्ह–गुहा. Den.
Howled, *v. i.*(હાવ્લ્ડ)પોકાર કીધો. हाउल्ड–आरोळी मारली. Cried loudly.
Fiercely, *ad.* (ફિયર્સલિ) ઝનુનથી. फिअर्सलि–जोरानें,भयंकर. Furiously.
A great way off. ઘણે દુર. फारदुर. Very far.
Den, *n.* (ડેન) ગુફા. डेन–गुहा Cave. [Was spread.
Was strewn, *v. t.* (ઉૉઝ સ્ટ્રોન) પથરાયલી હતી. वॉज् स्ट्रोन–भरून गेली.
Blood, *n.* (બ્લડ) લોહી. ब्लड्–रक्त.
Fat, *adj.* (ફૅટ) જાડું, ચરબીદાર . फॅट–लठ्ठ. Plump.
Cubs, *n.* (કબ્ઝ) વરૂનાં બચ્ચાં. कबस–बच्चीं. The young ones of a wolf.
Growled, *v. i.* (ગ્રાઉલ્ડ) ઘુરકયાં. ग्राउल्ड–गुरगुरली. Snarled.
A little while,–થોડો વખત સુધી. जरावेळ. For a short time.
Obey, *v. t.* (ઓબે) તાબે થવું. ओबे–आज्ञा पाळणें. Listen to.
Parents, *n.* (પેરન્ટઝ) માબાપ. पेरेन्टस्–आईबाप. Father and mother.
Grief, *n.* (ગ્રીફ) દલગીરી. ग्रीफ्–दुःख. Sorrow.

(૧.) એક વાર એક ભરવાડ હતો, જેની પાસે ઘણાં મેંઢાં અને ઘેટાં હતાં. તે તેઓની ઘણીજ સંભાળ લેતો હતો, અને તેઓને ખાવાને તાજું, મીઠું ઘાસ

અને પીવાને સ્વચ્છ પાણી આપતો હતો. (૨.) જો કોઇ માંદુ પડે તો તે તેઓ તરફ ઘણો ભલો થતો હતો; અને જ્યારે તેઓ એક ઉભી ટેકરી ઉપર ચઢતાં હતાં, અને ઘેટાં થાકી જતાં હતાં, ત્યારે તે તેઓને પોતાના હાથમાં લઇ જતો હતો. (૩) જ્યારે તેઓ સઘળાં ખેતરમાં પોતાનું ભોજન ખાતાં હતાં, ત્યારે તે તેઓની નજદીક બેસતો હતો, અને પોતાની વાંસલી ઉપર તેઓની આગળ એક રાગ વગાડતો હતો, અને તેઓની આગળ ગાતો હતો. તેથી તે મેંઢાં અને ઘેટાં ઘણા સુખી હતાં. (૪) દર રાતે જ્યારે અંધારૂં થતું અને ઠંડી પડતી હતી ત્યારે ભરવાડ પોતાનું આખું ટોળું મેંઢાં અને ઘેટાંને સાથે બોલાવતો હતો, તેઓને વાડામાં હાંકી જતો હતો, અને તેમને બંધ કરતો હતો. તેઓ ત્યાં ઘણાં સુખદાયક અને હુંફાળા સુતાં હતાં, અને તેઓને ઇજા કરવાને કાંઇપણ ચીજ દાખલ થઇ શકતી ન હતી. (૫) બહારની બાજુએ, કુતરાઓ તેઓની ચોકી કરવાને, અને જો કોઇ નજદીક આવે તો ભસવાને આસપાસ પડી રહેતા હતા. સહવારના ભરવાડ વાડો ઉંઘાડતો હતો, અને તેઓને બહાર કાઢતો હતો. (૬) હવે એક મુર્ખ ઘેટાં શિવાય તેઓ સઘળાં ઘણાં સુખી હતાં, અને તે ભરવાડ, જે તેઓની તરફ એટલો ભલો હતો, તેને વહાલથી ચહાતાં હતાં. (૭) આ મુર્ખ ઘેટાંને દર રાતે વાડામાં બંધ પડવું ગમતું ન હતું; તેથી તેણી પોતાની મા, કે જે એક સ્યાણું બુઢું મેંઢું હતું, તેની આગળ આવી, અને કહ્યું "હું અજબ થાઉં છું કે શા માટે આપણને દર રાતે બંધ કરવામાં આવે છે? (૮) કુતરાઓને બંધ કરવામાં આવતા નથી, અને આપણને શા માટે બંધ કરવામાં આવે? હું ધારૂં છું કે તે ઘણું ઘાટકી છે, અને જો મારાથી બને તો હું નાશી જઇશ; કારણ કે જ્યાં મને ગમે ત્યાં આમ તેમ દોડવાને મને ગમે છે, અને હું ધારૂં છું કે જંગલમાં ચાંદરણીમાં ઘણું ખુશનુમાં હોવું જોઇએ." (૯) ત્યારપછી તે બુઢાં મેંઢાંએ તેણીને કહયું, "મારાં નાનાં ઘેટાં, તમે ઘણાં મુર્ખ છો: તમે વાડામાં રહો તો ઠીક, તે ભરવોડ આપણી તરફ એટલો ભલો છે કે જેમ તે ફરમાવે તેમ આપણને હમેશા કરવું જોઇએ. જો તમે જંગલમાં એકલાં જશો તો તમે નુકસાનમાં આવી પડશો." (૧૦) તે નાના ઘેટાંએ કહયું, "અરે! હું નહિ ધારતી કે હું નુકસાનમાં આવી પડીશ" તેથી જ્યારે સાંજ પડી, અને તે ભરવાડે તે સઘળાંને વાડામાં આવવા બોલાવ્યાં, ત્યારે તેણી આવી નહિ, પણ એક વાડની નીચે છુપી રીતે ભરાતી ગઇ, અને સંતાઇ રહી. (૧૧) જયારે બાકીનાં ઘેટાં વાડામાં આવ્યાં, અને ભર ઉંઘમાં પડયાં, ત્યારે તેણી બહાર આવી, અને કુદકો માર્યો

અને નાચી,અને આમતેમ ગેલ કર્યો. તેણી ખેતરમાંથી એક ઝાડોથી ભરેલાં અંધારાં જંગલમાં ગઇ. (૧૨) ત્યારપછી થોડે વખતે એક જંગલી વરૂ એક ગુફામાંથી ધસી આવ્યું, અને ઘણા ઝનુનથી પોકાર કીધો. ત્યાર પછી તે મુર્ખ બેટાંએ ઇચ્છયું, કે તેણી વાડામાં બંધ થઇ હતે પણ તે વાડો ઘણો દુર હતો. તે વરૂએ તેણીને જોઇ,અને તેણીને પકડી, અને એક અંધારા ગુફામાં તેણીને ઘસડી ગયું. કે જે ગુફાની નજદીકની જમીન લોહી અને હાડકાંથી ભરેલી હતી (૧૩) આ ગુફામાં બે વરૂનાં બચ્ચાં હતાં, અને તે મોટાં વરૂએ તેઓને કહયું " લેઓ, હું તમારે માટે એક જુવાન ચરબીદાર ઘેટું લાવ્યો છું." તેથી તે બચ્ચાંઓએ તે ઘેટુ પકડયું, થોડાવાર તેનાઉપર ઘુરકયાં, અને ત્યારપછી તેના ફાડીને ટુકડે ટુકડા કરી નાખ્યા,અને તેને ખાઇ ગયાં. જે બાળકો પોતાનાં માબાપને તાબે થતાં નથી, તેઓ ખચીત દલગીરીમાં આવી પડે છે.

THE FOX AND THE GRAPES. કોહલું અને દ્રાક્ષ.

कोल्हा आणि द्राक्षे.

Fox, *n.* (ફૉકસ) કોહલું. फॉक्स्–कोल्हा. A greedy cunning animal
Grapes, *n.* (ગ્રેપ્સ) દ્રાક્ષ. ग्रेप्स्–द्राक्षें. Berries of wine–plants.
Jungle, *n.* (જગલ) જંગલ जंगल्–रान. Forest.
Hole, *n.* (હોલ) ખાડો होल्–बीळ. A hollow.
Cunning, *adj.* (કનંગ) લુચ્ચો. कनिंग्–लुचा. Artful.
Catches *v. t.* (કૅચિઝ) પકડે છે. कॅचेस्–पकडतो. Seizes.
Farmer, *n* (ફારમર) ખેડુત फार्मर्–शेतकरी Cultivator.
Fowls, *n.* (ફાઉલ્ઝ) મરઘાં,બટકાં. फाउल्स्–कोंबडीं,बदकें. Domestic birds
Ducks, *n.* (ડકસ) બટક डक्स्–बदकें Water–birds.
Geese, *n.* (ગીસ) હંસ. गीज़्–हंस. Webbed-footed water–birds
(Goose. નું બહુવચન.)
Turkeys, *n.* (ટરકિઝ) તરકી. टर्कीज–विलायती कोंबडीं. A large fowl.
Lest, *conj.* (લેસ્ટ) રખેને. लेस्ट–नाहींतर. For fear that. [vately
Steal, *v. t.* (સ્ટીલ) ચોરી જવું. स्टील–चोरून नेणें. Carry away pri-
Fond, *adj.* (ફૉન્ડ) શોખીન. फॉंड–शोकी. Delighted with.
Vine-yard, *n.* (વિન-યાર્ડ) દ્રાક્ષનો માંડવ. व्हाइनयार्ड–द्राक्षांचा मांडव.
A plantation of vines producing grapes.

Grape-garden, *n.* (ગ્રેપ-ગાર્ડન) દ્રાક્ષનો બાગ. ग्रेपगार्डन–द्राक्षांचा बाग.
A plantation of vines producing grapes.
Reach, *v. i.* (રીચ) પહોંચવું रीच्-पोहोंचणें. Get.
Search, *n.* (સર્ચ) શોધ. सर्च-शोध. Quest.
Thirsty, *adj.* (થર્સ્ટિ) તરસ્યો. थर्स्टि–तहानेलेला. Having a desire to drink.
Meal, *n.* (મીલ) ભોજન. मील–भोजन. Repast.
Glad, *adj.* (ગ્લૅડ) ખુશી. ग्लेड-आनंदी. Delighted.
Vines, *n.* (વાઇન્ઝ) દ્રાક્ષના વેલા व्हाइन्स-द्राक्षांचे वेल. climbing plants
producing grapes.
Makes them grow ઉગાડે છે. वाढवितो. Causes them to grow.
To hold up ટેકવી રાખવાને. धारणकरणें. Sustain.
Bunches, *n.* (બનચિઝ) ઝુમખા. बंचेस-घोंस. Clusters.
Out of the reach of the fox. કોહલાથી નહિ પુગાય તેટલાં ઉંચે.
कोल्ह्याच्या आटोक्याच्या पलिकडे. So high that the fox could
not reach.
It was of no use–તે નકામું હતું. तें व्यर्थ होतें. It was useless.
Perhaps, *ad.* (પરહૅપ્સ) કદાચ. पऱ्हेप्स-कदाचित. It may be the
After all સામટી રીતે લેતાં. एकंदरीत. Upon the whole.
Sour, *adj.* (સાવર) ખાટી. सॉअर- आंबट. Sharp to the taste.
Pretends, *v. t.* (પ્રિટેન્ડઝ) ઢોંગ કરે છે. प्रिटेंडस्-ढोंग करतो, Feigns.

(૧) કોહલું જંગલમાં જમીનમાં દરમાં રહે છે. તે ઘણું લુચ્ચું છે. તે પક્ષીઓને પકડે છે, અને તેઓને ખાઈ જાય છે. ખેડુત પોતાનાં મરઘાં બટકાં, બટક, અને હંસ અને તરકીને રાતનાં બંધ કરે છે, રખેને કોહલું તેઓને ચોરી જાય. (૨) તેને સુંદર પાકી દ્રાક્ષ ખાવાનો, ઘણો શોખ હોય છે. તે રાત્રે દ્રાક્ષના માંડવમાં અથવા દ્રાક્ષના બગીચામાં આવે છે, અને જેટલી દ્રાક્ષને તે પહોચી શકે તેટલી ખાયછે. (૩) એક ગરમીની રાતે ચાંદરણામાં ખોરાકની શોધમાં ઘણા માઇલ ગયા પછી, એક તરસ્યું કોહલું દ્રાક્ષથી ભરેલા એક માંડવ આગળ આવ્યું તેણે વિચાર કીધો "હવે મને એક સુંદર ભોજન મળશે. હું ખુશી છું કે હું અહિયાં સુધી આવ્યો." (૪) દ્રાક્ષના વેલા જમીન ઉપર પડી રહેતા નથી. બાગબાન દ્રાક્ષના ભારે ઝુમખા ટેકવી રાખવાને માટે તેઓને ઉંચી લાકડીઓ ઉપર ઉગાડે છે (૫)

દ્રાક્ષો તે કોહલાંથી નહિ પહોંચાય એટલી હવામાં છેક ઉંચી હતી. તેણે કુદકો માર્યો, અને તેઓને પહોંચવાની કોશેશ કીધી, પણ પહોંચી શકયો નહિ. તેણે ફરીથી અને ફરીથી કુદકો માર્યો. તેણે વીસ વખત કુદકો મારયો, પણ દ્રાક્ષો આગળ તે પહોંચી શકયો નહિ, તેઓ એટલી ઉંચી હતી કે તેનાથી પુગાયું નહિં. (૬) જયારે તે કોહલાંએ જોયું કે દ્રાક્ષ મળાવવાની કોશેશ કરવી ફોકટ હતી, ત્યારે તે બોલ્યો, "કદાચ સારી રીતે જોતા,દ્રાક્ષ પાકો નથી. તેઓ ખાટી દેખાય છે તેથી હું વધારે વાર કુદીશ નહિ." તેણે આ કહયું, કારણ કે તેને તે મળીગઈ નહિ. (૭) એ પ્રમાણે જયારે એક માણસને જે ચીજ જોઇએ તે તેને મળી શકતી નથી, અને તે ઢોંગ કરે છે કે તે કંઇ દરકાર કરતો નથી,ત્યારે આપણે કહીયે છીયે કે "દ્રાક્ષો ખાટી છે."

THE BUFFALO रेड़े व म्हशी.

Buffalo, *n*. (બફેલો) ભેંસ. बफेलो-म्हैस, रेडा. A bovine animal.
Ox, *n*. (ઑકસ) બળદ. ऑक्स्-बैल. A male bovine animal. (plu oxen.)
Ploughing, *ger*. (પ્લાઉઇંગ) હળ ખેડવો. प्लाविंग्-नांगरणें. Turning up the soil with a plough.
Rough, *adj*. (રફ) ખરબચડું. रफ्-जाडें भरडें. Harsh to the taste.
Coarse, *adj*. (કોર્સ) જાડું; જેવું તેવું. कोर्स्-जाडें. Not fine.
Spend, *inf*. (સ્પેન્ડ) ગુજારવો. स्पेंड्-घालविणें. Pass.
Rest, *n*. (રેસ્ટ) બાકીનો ભાગ. रेस्ट्-बाकीचा. The remaining part.
Graze, *ger*. (ગ્રેઝ) ચરવું. ઘાસ ખાવું. ग्रेझ्-चरणें. Eat grass.
Draw, *v. t*. (ડ્રૉ) ખેંચે છે. ड्रॉ-ओढतात. Pull.
Sinks low in the sky—અસ્ત પામે છે—मावळतो. Sets.
Tied, *v. t*. (ટાઇડ) બાંધવામાં આવે છે टाइड् बांधलेलें. Fastened.
Posts, *n*. (પોસ્ટસ) થાંભળા. पोस्टस्-खांब, मेढके. Pillars.
Wander, *v.i*. (ઉવૅાનડર) રખડવું. वॅांडर-भटकणें. Roam.
Would be lost, *v*. t. (લૅાસ્ટ) ભુલાં પડે. गमावतील. Would be missed.
Buffalo cows—ભેંસ. (માદા) म्हैशी. Female bovine animals.
Plenty, *n*. (પ્લેનટિ) પુષ્કળ. प्लेन्टि-विपुलता. Abundance.
Thick, *adj*. (થિક) ઘટ. थिक्-दाट. Not thin.

Butter, *n.* (બટર) માખણ. बटर-लोणी. An oily substance obtained from milk by churning. [health.
Wholesome, *adj.* (હોલસમ) પુષ્ટિકારક. होल्सम्-पथ्यकर. Promoting-
Wild, *adj.* (ઉવાઇલ્ડ) જંગલી. वाइल्ड्-जंगली. Savage.
Fierce, *adj.* (ફ્રિયર્સ) ઝનુની फिअर्स-क्रूर. Furious.
Horns, *n.* (હૉર્નેઝ) શીંગડાં. हॉर्न्स-शिंगें. A hard substance growing on the heads of certain animals.
Fear, *v. t.* (ફ્રિયર) બીહેછે. फिअर-भितात. Are afraid of.

(૧) ભેંસ બળદ કરતાં વધારે મોટી અને જોરાવર હોય છે. તે વારંવાર હળ ખડવાના કામમાં આવે છે. (૨) ભેંસ ખરબચડું જાડું ઘાસ ખાયછે. તેઓ અરધો દિવસ જમીન ઉપર ગુજારવાને અને બાકીનો દિવસ પાણીમાં ગુજારવાને ચાહે છે. (૩) જ્યારે સઘળાં ખેતરો હળથી ખેડાઇ રહે છે, ત્યારે ભેંસને ચરવ શિવાય કંઇ કરવાનું હોતું નથી. કોઇ કોઇ વખત તેઓ બળદની માફક ગાડ ખેંચે છે. (૪) તેઓને નાની છોકરીઓ અથવા છોકરાઓ તરફથી ખેતરમ ચરવાને માટે હાંકી લઇ જવામાં આવે છે. જેવો સુરજ અસ્ત પામે છે, તેવાંજ તેઓને પાછાં ગામડાંમાં હાંકી લાવવામાં આવે છે. (૫) તેઓને રાતે મજબુત થાંભલા સાથે બાંધવામાં આવે છે.જો તેઓને બાંધવામાં ન આવે તો તેઓ જંગલમાં રખડે અને ભુલાં પડે. (૬) ભેસ પુષ્કળ દુધ આપે છે. તે ઘણું ઘટ હોય છે, અને તેમાંથી ઘણું માખણ બને છે. પણ પીવામાં ગાયના દુધ જેવું તે સારૂં નથી. તે એટલું બધું પુષ્ટિકારક નથી. જંગલમાં વગડાઉ ભેંસો હોય છે, જેઓ ઘણી મોટી અને ઝનુની હોય છે. તેઓ ઘણી ઝડપથી દોડે છે, અને તેઓને ઘણાં મજબુત શીંગડાં હોય છે. તેઓ કશાંથી બીહતી નથી, વાઘથી પણ બીહતી નથી.

THE RAIN BOW. વરસાદની કમાન. इंद्रधनुष्य

Rain bow, *n.* (રેનબો) વરસાદની કમાન. इंद्रधनुष्य. An arch of several colours.
Sail, *v. i.* (સેલ) હંકારે છે. सेल्-चालतात. Are driven by wind.
Clouds, *n.* (કલાઉડઝ) વાદળાં. क्लाउड्स्-ढग. A collection of watery vapour high up in the air. [beautiful.
Prettier, *adj.* (પ્રિટિયર) વધારે સુંદર. प्रेटिअर-अधिक सुंदर. more
Far, *ad.* (ફાર) ઘણા. फार-अतिशय. much.

Bridges, *n.* (બ્રિજીઝ) પુલો. ब्रिजिस-पुल. Structures across a river to furnish a passage.
Bow, *n.* (બો) કમાન. बो-धनुष्य. Arch.
Bridges, *v. t.* (બ્રિજીઝ) આરપાર આવે છે. ब्रिजेस्-आरपार जातें. Crosses.
Heaven, *n.* (હેવન) આકાશ. हेव्हन-आकाश. Sky.
Overtops, *v. t.* (ઓવરટૉપ્સ) મઠાળાંની ઉપર આવેલી છે. ओव्हरटॉप्स्-वर उंच असतें. Rises above the top of.
Road, *n.* (રોડ) રસ્તા रोड्-रस्ता. Passage.

(૧ મછવાઓ નદી ઉપર હંકારે છે,અને વહાણો દરિયા ઉપર હંકારેછે. પણ વાદળાંઓ જે આકાશમાં હંકારે છે તે આના કરતાં વધારે સુંદર છે. (૨) નદીઓ ઉપર તમને પસંદ પડે તેવા સુંદર પુલો હોય છે, પણ જે કમાન આકાશમાં આવેલી છે અને ઝાડોનાં મથાળાં ઉપર આવેલી છે. અને દુન્યાથી તે આકાશ સુધીનો રસ્તો બાંધે છે. તે આના કરતાં વધારે સુંદર હોયછે.

THE SETTING SUN–EVENING. અસ્ત પામતો સુરજ–સાંજ. मावळता सूर्य–सायंकाळ,

Setting, *adj.* (સેટિંગ) અસ્ત પામતો. सेटिंग्-अस्तास जाणारा. Going down. sinking.
Evening, *n.* (ઇવનિંગ) સાંજ. ईव्हिनिंग-सायंकाळ. The close of day.
Is sinking, *v. i.* (સિંકિંગ) જાય છે. सिंकिंग्-जात आहे. Going.
Lower, *ad.* (લોવર) વધારે નીચે. लोअर-अधिक खालीं. More near the horizon.
West, *n.* (વેસ્ટ) પશ્ચિમ. वेस्ट-पश्चिम. The side towards which the sun sets.
Bright, *adj.* (બ્રાઇટ) પ્રકાશતાં. ब्राइट्-प्रकाशमान. Shining.
Blind, *adj.* (બ્લાઇન્ડ) આંધળાં. ब्लाइन्ड्-आंधळे. Without sight.
Sets, *v. i.* (સેટ્ઝ) અસ્ત પામે છે. सेटस्-मावळतो. sinks down.
Minutes, *n.* (મિનિટ્ઝ) મિનિટ. मिनिटस्-मिनिटें. Sixty seconds.
Out of sight, નજર આગળથી ગુમ. नजरेआड.Disappear.
Whole, *adj.* (હોલ) આખુ. होल, सर्व. Entire
Will be covered, *v. t.* (કવર્ડ) ઢંકાઇ જશે. कव्हर्ड-भरलेलें असेल. Will be filled.
Count, *v.t.* (કાઉન્ટ) ગણવું. काउंट्-मोजणें. Reckon.
Cattle, *n.* (કૅટલ) ગાયઢોર. कॅटल्-गायढोरें. Beasts of pasture.

Owl, n. (આઉલ) ઘુવડ. आउल्-घुबड. A bird that hoots by night.

But, *prep*. (બટ) શિવાય. बट्-शिवाय. Except

Bat, n. (બૅટ)વાગળું. बॅट्-वडवाघुळ. A bird resembling a mouse.

All day long=આખો દહાડો.सर्वदिवसभर. For the whole day.

Tired, *v.t* (ટાયર્ડ) થાકેલા. टायर्ड्-थकलेले. Exhausted.

Need, *v.t.* (નીડ) જોઇયે છે. नीड्-जरूर असते. Want.

Rest, *n.* (રેસ્ટ) આસાયશ. रेस्ट्-विश्रांती. Repose.

(૧) સુરજ પશ્ચિમમાં વધારે અને વધારે નીચે જાય છે, અને આકાશ લાલ છે. સાંજ પડી છે. (૨) સુરજ કેવો લાલ દેખાય છે. દિવસની વખતે સુરજ એટલો બધો પ્રકાશતો હોય છે કે તેની તરફ જોવાથી તમે આંધળા બનો. પણ તે અસ્ત પામે તેની તરત અગાઉ તે એટલો બધો પ્રકાશતો હોતો નથી. જો તમારી મરજી પડે તો તમે હમણા તેણી તરફ જુઓ. (૩) પાંચ મિનિટમાં સુરજ નજર આગળથી ગુમ થઇ જશે.ત્યારપછી ઘણું જલદી તદ્દન અંધારું થશે, રાત પડશે. (૪) હવે આપણે ચંદ્ર અને કેટલાક તારાઓ જોઇ શકીશું. જ્યારે સુરજ અસ્ત પામશે ત્યારે વધારે તારાઓ બહાર આવશે. ત્યારપછી આખું આકાશ તારાથી ભરાઇ જશે. (૫) આકાશમાં કેટલા તારા છે? હું જાણતો નથી, એટલા બધા છે કે હું તેઓને ગણી શકતો નથી. (૬) ગાયઢોર સઘળાં ઘર ગયા છે. તરતજ ઘુવડ કે જે આખો દહાડો ઉંઘાયલું હતું તે શિવાય સઘળાં પક્ષીઓ ઉંઘાઇ જશે. રાત્રે ઘુવડ આમતેમ ઉડેછે. તેને રાતનું પક્ષી કહેછે. ઘુવડની માફક વાગળું પણ આખો દહાડો ઉંઘાય છે. અને રાત્રે આમતેમ ઉડે છે.(૭)રાત્રે આપણે પણ ઉંઘાશું. આખો દહાડો આપણે કામ કર્યે છીયે. રાત્રે રોશની હોતી નથી, આપણને કામ કરવાને સુઝે નહિ; અને આપણે ઘણા થાકી જઇએ છીયે, અને આપણને આસાયશની જરૂર છે. રાત ઉંઘવાનો વખત છે. (૮) જ્યારે સુરજ અસ્ત પામેછે, ત્યારે ઠંડી પડશે. તે સુરજ છે, જે દુન્યાને ગરમ બનાવેછે. ચાલો આપણે આપણા ઘરમાં જઇએ. ત્યાં એટલી બધી ઠંડી હોતી નથી.

WORK AND PLAY. કામ અને રમત. उद्योग आणि खेळ.

Abdulla, *n.* (અબડુલ્લા) નામ છે. अबदुल्ला-एका मुलाचें नांव.

Naran, *n.* (નારન) નામ છે. नारेन-एका मुलाचें नांव.

Nearly, *ad*, नियरलि) લગભગ. निअरालि-अगदीं. Almost.

Close to, *ad.* (ક્લોઝ ટુ) નજદીક. क्लोज टु-जवळ जवळ. Near. [alman..
Muhammadan, *n.* (મહામડન) મુસલમાન. महामिडन्-मुसलमान. Muss-
Lawyer *n.* (લાયર) વકીલ. लॉयर-वकील. A person versed in **laws.**
Hindu, *n.* (હિંદુ) હિંદુ. हिंदु-हिंदू.
Clerk, *n.* (ક્લાર્ક) લખનાર. क्लार्क-कारकून. Writer.
Judge's, *n* (જજીઝ) ન્યાયાધિશની. जजेस्-न्यायाधिशाच्या. One who decides cases. [do work.
Office, *n.* (ઑફિસ) આફિસ. ऑफिस्-हपीस. A place where men
On the way to—જતા હતા—च्या रस्त्यावर. Going to
Thought, *v, t.* (થૉટ) વિચાર્યું. थॉट-विचार केला. Considered.
To stay, *inf.* (સ્ટે) થોભવાને स्टे-रहावयास Stop.
Persuade, *inf.* (પરસ્યુએડ) સમજાવવું परसुएड-मन वळवणें. Induce.
Instead of, *prep.* (ઇનસ્ટેડ ઑવ) બદલે. इन्स्टेडऑफ्-ऐवजीं, बद्दल. In place of.
Wrong, *adj* (રૉન્ગ) ખોટું. रॉंग्-वाइट. Unjust.
Strange, *adj.* સ્ટ્રેન્જ) નવાઈ જેવો. स्ट्रेन्ज-विलक्षण. Odd.
Learn, *inf.* (લર્ન) શીખવું. लर्न्-शिकविण्यास. Study.
Need not go, જવું ન જોઇએ जातांकामां नये. Must not go.
Read, *inf.* (રીડ) વાંચવું. रीड्-वाचावयास. Peruse. [learning.
Dunce, *n.* (ડન્સ) મુર્ખ; આળસુ. डन्स-मूर्ख. Dolt; one slow at
Ago, *ad.* (ઍગો) અગાઉ. ॲगो-पूर्वी. Before.
Class, *n.* (ક્લાસ) વર્ગ. क्लास-वर्ग. A number of pupils of the same standing of the same school.
Hate, v. t. (હેટ) ધિક્કારું છું हेट्-तिटकारा येतो. Dislike. [nify
What does it matter=તેમાં શું છે.—त्याचें काय? What does it sig-
Grow up, *v. i,* (ગ્રો અપ) મોટો થઇશ. ग्रो अप-मोठा होणें. be old.
Kind, *n.* (કાઇન્ડ) જાત. काइंड्-तऱ्हा. Sort.
As for, *prep* (ઍઝ ફૉર) વિષે. ऍज़ फॉर्-विषयीं. As regards.
Intend, *v. t.* (ઇનટેન્ડ) ધારણા રાખું છું इन्टेंड-इरादा आहे. Mean.
Angry, *adj.* (ઍનગ્રિ) ગુસ્સે. ॲंग्रि-रागावलेला. Vexed.

Sorry, *adj*, (સૉરિ) દલગીર सॉरि-दुःखी. Grieved.
Earn, inf. (અર્ન) કમાવું. अर्न्-मिळविणें. Get.
Fault, *n.* (ફૉલ્ટ) વાંક. फॉल्ट्-अपराध. Mistake.
Lazy, *adj.* (લેઝિ) આળસુ. लेझि-आळशी, Idle.
Idle, *adj* (આઇડલ) આળસુ. आयडल्-निरुद्योगी. Lazy.
Suffer, *v. i.* (સફર) દુ:ખ ખમવું. सफर-सोसणें. Bear pain.
A good deal of:=ઘણોજ=पुष्कळ. Much.
Late, *ad.* (લેટ) મોડું. लेट्-उशिरां गेलेला. Not in time.
School is over=નિશાળ છુટે=शाळा सुटली. School is dismissed.
Kite, *n.* (કાઇટ) પતંગ. काइट्-पतंग. A Toy for flying in the air.
Ball, *n.* (બૉલ) દડો. बॉल्-चेंडू. A round toy.
Got, *v. i.* (ગૉટ) પહોંચ્યા. गॉट्-पोंचलें. Reached
Just in time=બરાબર વખતે. अगदीं वेळेवर. Exactly at the right time.
Desk,*n.* (ડેસ્ક) ઢળતી મેજ. डेस्क्-उतरतें मेज. An inclining table.
Slates, *n.* (સ્લેટ્ઝ) પથ્થર પાટી. स्लेटस्-दगडी पाटया. Smooth pieces of stone for writing on.
Sum, *n.* (સમ) હિસાબ. समू-बेरीज उदाहरण. Example.
Bench, *n.* (બેન્ચ) બાજટ. बेंच्-बांक. A long seat.

(૧.) અબદુલ્લા અને નારણ લગભગ એક સરખી ઉમરના બે છોકરા હતા, અને તેઓ એકજ ગામમાં એક બીજાની નજદીક રહેતા હતા. અબદુલ્લા મુસલમાન હતો, અને તે આઠ વર્ષની ઉમરનો હતો. તેનો બાપ એક વકીલ હતો. નારણ હિંદુ હતો.અને તે નવ વર્ષની ઉમરનો હતો, તેનો બાપ ન્યાયાધિશની આફિસમાં કારકુન હતો. (૨) તે બેઉ છોકરાઓ મોટા મિત્રો હતા, અને એકજ નિશાળે જતા હતા. એક સુંદર સહવારે, જ્યારે તેઓ નિશાળે જતા હતા, ત્યારે નારણે વિચાર કીધો કે તેને રમવા ગમશે અને તે દહાડે કામ કરવા ગમશે નહિ પણ તે ઇચ્છતો હતો કે અબદુલ્લા પણ રહે અને રમે, અને તેમ કરવાને તેને સમજાવવાની કોશેશ કીધી.તે છોકરાઓએ જે કહ્યું તે આ હતું: (૩) નારણ.–ચાલ અબદુલ્લા, તમે જુઓ કે આજનો કેવો સુંદર દિવસ છે. ચાલો નિશાળે જવાને બદલે આપણે ખેતરમાં દોડી જઇએ અને અહિં તહિં રમ્યે (૪)અબદુલ્લાં.-નહિ નારણ, તે ઘણું ખોટું થશે. (૫)નારણ—તમે કેવા વિચિત્ર છોકરા છો, તમને રમવા

ગમતું નથી? (૬) અબદુલ્લા.—મને રમવા ઘણુંજ ગમે છે, પણ હમણા નહિ. આપણને નિશાળે જવું જોઇએ અને શીખવું જોઇએ તમે તે મારી માફક જાણો છો. (૭) નારણ.—પણ હજી હમણાજ આપણને જવાની જરૂર નથી. ચાલો જો તમારી મરજી હોય તો આપણે એક બે કલાક રમ્યે; અને પછી જઇએ. આખો દહાડો વાંચવા શિવાય કાંઈ નહિ કરવા મને ગમતું નથી. (૮) અબદુલ્લા.—હું જાણું છું કે તમને ગમતું નથી. પણ તમે જાણોછો કે તમે કેવા આળસુ છો! વળી નાનો રામા, જે માત્ર ત્રણ મહિનાની વાત ઉપર નિશાળે આવ્યો હતો, તે તમારા કરતાં વધારે જાણે છે. તમે વર્ગમાં સૌથી છેલ્લા છોકરા છો. (૯) નારણ:—હું જો છેલ્લો છોકરો છું તો તેની મને દરકાર નથી. મારી શીખવાની ઇચ્છા નથી. હું ચોપડીઓને ધિક્કારું છું. તેમાં શું છે? થોડાં વર્ષમાં હું મોટો થઇશ અને માટીડો થઇશ. (૧૦) અબદુલ્લા,—હા, પણ તમે કઇ જાતના માણસ થશો? (તમે) એક મોટા મુર્ખ (થશો) જેને વાંચતાં પણ આવડે નહિ. તમારી તરફ દરેક જણ કેમ હસશે? (૧૧) તેઓને હસવાદો. મને શું દરકાર છે. મને જેટલું ગમે તેટલું હું રમવા માગું છું. (૧૨) અબદુલ્લા:—ઘણું સારૂં ત્યારે, જો તમારી મરજી પડે તો જાઓ અને મુર્ખ થાઓ. મારે વિષે કહું તો હું સખત અભ્યાસ કરવા માગું છું. હું મારા બાપ અને મા અને મારા સઘળા મિત્રોને રાજી કરવા ચાહું છું. બિચારા નારણ! કોઇ તમને ચાહશે નહિ. તમારા બાવા તમારી સાથે ઘણા ગુસ્સે થશે. તમારા માય જ્યારે દરેક જણને તમારી તરફ હસતાં જોશે, ત્યારે ઘણાં દલગીર થશે. તમે સુખી થશો નહિ. તમે કોઇને કાંઇ કામના થશો નહિ. તમે કાંઇપણ પૈસા કમાવાને શકિતવાન થશો નહિ. તમે પોતાને મદદ કરવાને શકિતવાન થશો નહિ. કોઇ તમને મદદ કરશે નહિ, કારણકે દરેક જણ કહેશે "તે તેનો પોતાનો વાંક છે, તે આળસુ સુસ્ત છોકરો હતો, અને શીખતો ન હતો, હવે તેણે તેને માટે ખમવું જોઇએ." મેં વાત કરવામાં ઘણોજ વખત ગુમાવ્યો છે. હવે મને દોડી જવું જોઇએ, નહિતો મને નિશાળે મોડું થશે. (૧૩) નારણ:—ઘણું સારૂં, અબદુલ્લા, હું તમારી સાથે નિશાળે આવીશ, પણ જ્યારે નિશાળ છુટે, ત્યારે હું આશા રાખુછું કે તમે મારી સાથે રમશો. (૧૪) અબદુલ્લા.—અરે હા. હું મારૂં પતંગ લાવીશ અને જો સારો પવન હશે તો આપણે તેને ઉડારશું, અને જો સારો પવન ન હશે તો તમે તમારો દડો લાવજો, અને આપણે તેવડે રમશું. (૧૫) તે બેઉ છોકરાઓ ત્યારપછી સાથે નિશાળે દોડી ગયા, અને બરાબર વખતે પુગ્યા. ત્યાં તેઓ એકજ મેજઉપર બેસીને બેઉ જણા પોતાની પથ્થર પાટી ઉપર લખે છે. નારણ પોતાની પથ્થર પાટી ઉપર એક દાખલો કરે છે,

અને અબ્દુલ્લા પોતાની ચોપડી જે તેની નજદીક બાજટ ઉપર પડી છે, તેમાથી જે યોગ્ય શબ્દો તેણે હમણાજ વાંચ્યા છે, તે લખે છે.

THE CLEVER CROW. હુશિયાર કાગડો शहाणा कावळा.

Clever, *adj.* (ક્લેવર) હુશિયાર क्लेव्हर--हुशार. Skilful.
Crow, *n.* (ક્રો) કાગડો. क्रो-कावळा. A large black bird.
Got, *v.i.* (ગૉટ) થયો. गाट--झाला. grow. [to drink.
Thirsty, *adj.* (થાર્સ્ટ) તરસ્યો. थर्स्टि तहानेलेला. Having a desire
Anywhere, *ad.* (ઍાનિવ્હેર) કોઇ ઠેકાણે. एनिव्हेअर-कोठेंहि In any place. [घरोघर. From one house to another.
From house to house એક ઘર ઉપરથી બીજે ઘર. या घराहूनत्याघरीं,
Somewhere, *ad.* (સમવ્હેર) કોઇ ઠેકાણે. समूव्हेअर–कोठेंतरी. In some place.
Jug, *n.* (જગ) કુજો. जग्–वागर. A water pot..
Bottom, *n.* (બૉટમ) તળીયું बॉटम्–तळ. The lowest part; base.
Reach, *v.t.* (રીચ) પહોંચવું, रीच–हात पोंचणें. Get to.
Upset, *inf.* (અપસેટ) ઉંધું વાળવું. अपसेट्–पालथें करण्याचा. Overturn.
A little while=થોડો વખત સુધી. थोडांवेळ, For a short time.
Plan, *n.* (પ્લૅન) યુક્ત. प्लॅन–युक्ति. Contrivance. [up.
Picked up, *v. t.* (પિકડ અપ) ઉંચક્યો. पिक्डअप्–उचलला. Lifted
Dropped, *v. t.* (ડ્રૉપ્ડ) નાખ્યો. ड्रॉप्ड्–साडला. Threw; let fall.
To rise, *inf.* (રાઇઝ) ઊંચે ચડવું. राइज़्-वर येण्यास. Come up.
Rose, *v. i.* (રોઝ) ઊંચે ચડયું. राज़्–चढले, आलें. Came up.
Right, *ad.* (રાઇટ) બરાબર राइट्- अगदीं. Just.
Top, *n.* (ટૉપ) મથાળું. टॉप्-तोंड. The uppermost part.
Drank, *v. i.* (ડ્રૅન્ક) પીધું. ड्रँक् प्याला. partook of.
Well done, *interj.* (વેલ ડન) શાબાસ, वेलडन्–शाबास. Bravo.
Give up, *v. t.* (ગિવ અપ) છોડી દેવી. गिव्हअप्–सोडणें. Leave off.
Hope, *n.* (હોપ) આશા. होप्-आशा. Expectation.
Succeed, *v. i.* (સક્સીડ) ફતેહ પામવું. सक्सीड्–यश येणें. Prosper.

(૧) એક ઘણા તપતા દિવસે એક કાગડો ઘણો તરસ્યો થયો. તેને કંઇપણ પાણી મળી શક્યું નહિ. શું કરવું તે તેને સુઝયું નહિ. તે કંઇપણ પાણી મેળવવાની કોશેશ કરતો એક ઘર ઉપરથી બીજા ઘર ઉપર ઉડયો. (૨) આખરે તેણે વાટમાં એક કુજો જોયો એક માણસ તે ત્યાં મુકી ગયો હતો. તે કાગડો

નીચે ઉડી આવ્યો, અને કુજામાં જોયું. તેને તળીયે તે થોડું પાણી જોઈ શક્યો. (૩) તે કાગડાથી તે પાણી સુધી પહોંચી શકાયું નહિ. ત્યારપછી તેણે તે કુજાને ઉંધો વાળવાની કોશેશ કીધી. જેથી પાણી બહાર નીકળે પણ તે કુજો એટલો તો ભારી હતો કે તે કાગડો તેને ઉંધો વાળી શક્યો નહિ. (૪) ત્યારપછી તે કાગડો જરા થોભ્યો અને તે પાણી મેળવવાની કોઈ રીત શોધી કાઢવાની કોશેશ કીધી. આખરે તેના મગજમાં એક યુકતિ આવી. તે કાગડાએ વિચાર કર્યો "જો મારાથી નીચે પાણી સુધી પહોંચાતુ નથી, તો મારે પાણીને મારી આગળ ઉપર લાવવું જોઇએ. (૫) કેટલાક પથરા નજદીક જમીન ઉપર પડેલા હતા. તે કાગડાએ એક પથ્થર ઉંચકયો અને તેને કુજામાં નાખ્યો. ત્યારપછી તેણી બીજો પથ્થર ઉંચકયો અને તે પણ તેમાં નાખ્યો આ રીતે તેણે ઘણા પથરા એક પછી એક ઉંચકયા, અને તેઓને કુજામાં નાખ્યા. (૬) જેમ જેમ પથરા અંદર પડયા, તેમ તેમ પાણી કુજામાં ઉપર આવવા લાગ્યું. આખરે તે બરાબર મથાળાં ઉપર આવ્યું. તે કાગડાને જેટલું જોઇતુ હતું તેટલું પાણી લીધું, અને ત્યારપછી ઉડી ગયો. (૭)શાબાસ ! હુશીયાર કાગડા ! જ્યારે પહેલ વહેલાં તમને પાણી મળી શકયું નહિ. ત્યારે તમે આશા છોડી દીધી નહિ એ કેવું સારૂં. વાજબી રીતે કહેવામાં આવ્યું છે કે "જ્યારે પહેલ વહેલાં તમે ફતેહ પામો નહિ, ત્યારે ફરીથી અને ફરીથી કોશેશ કરો.

TRY TRY AGAIN. ફરી ફરીને કોશેશ કરો. यत्नकरा फिरून यत्न करून पहा

Lesson, *n.* (લેસન) ધડો. लेसन्–धडा, उपदेश. Something to be learned.

Heed, *v. t.* (હીડ) ધ્યાન આપવું. हीड्–लक्ष देणें. Attend to.

Courage, *n.* (કરેજ) હિમ્મત करेज़–धैर्य. Bravery.

Appear, *v. i.* (ઍાપયર) જણાવું. अपिअर–दिसून येणें.Come out.

Persevere, *v. i.* (પરસિવિયર) ખંત રાખવી. परसिव्हिअर–धीर धरणें,सतत उद्योग करणें. Continue steadily.

Conquer, *v. i.* (કૉનકર) જીતવું. कॉंकर–यशयेणें. जिंकणें. Be successful.

Fail, *v.i.* (ફેલ)નિષ્ફળ જવું. फेल्–अपयशयेणें. Be frustrate.

Prevail, *v.t.* (પ્રિવેલ) ફતેહ પામો. प्रिव्हेल–जय मिळणें.Gain victory.

Strive, *v. t.* (સ્ત્રાઇવિ) કોશેશ કરવી. स्ट्राइव्ह्–यत्नकरणें. Try.

Disgrace (ડિસગ્રેસ) શરમ. डिसग्रेस्–बअब्रू, शरम. Shame.

Win, *v.t.* (ઉવિન) જીતવું. वुइन्–जिंकणें Gain.

Race, *n.* (રેસ) સરત. रेस्–शर्यत. A Contest in running.

Case, *n.* (કેસ) દાખલો, બનાવ केस्–स्थिति. Instance, example.
Task, *n.* (ટાસ્ક) કામ. टास्क-काम,धडा. Work.
Hard, *adj.* (હાર્ડ) અઘરૂં हार्ड्–कठीण Difficult.
Reward, *n.* (રિવાર્ડ) બદલો. रिवॉर्ड–बक्षिस. Return.
Patience, *n.* (પેશન્સ) સબુરી, पेशन्स्–धीर. Forbearance.
Rule, *n.* (રૂલ) કાયદો. रूल–नियम. System.
In view, (ઇન વ્યુ) ધ્યાનમાં. इन्व्हु–ध्यानांत. In mind.

(૧) ફરીથી કોશેશ કરો, કોશેશ કરો, તે એક ધડો છે, જે ઉપર તમારે ધ્યાન આપવું જોઇએ; જો પહેલ વહેલાં તમે ફતેહ નહિ પામો, તો ફરીથી કોશેશ કરજો કોશેશ કરજો; આ પ્રમાણે તમારી હિમ્મત જણાશે, કારણ કે જો તમે ખંત રાખશો તો તમે ફતેહ મેળવશો, કદી બીહતા ના; ફરીથી કોશેશ કરો, કોશેશ કરો, (૨) એક યા બે વાર જો કે તમે નિષ્ફળ થાઓ, તોપણ ફરીથી કોશેશ કરજો, કોશેશ કરજો, જ્યાંસુધી આખરે તમે ફતેહ પામો, ત્યાંસુધી ફરીથી કોશેશ કરો, કોશેશ કરો. જો કે આપણે સરત નહિ જીત્યે, તોબી જો આપણે કોશેશ કર્યે તો તેમાં કાંઈ એબ નથી; આંવા દાખલામાં આથી સરસ શું છે? ફરીથી કોશેશ કરો, કોશેશ કરો. (૩) જો તમને તમારૂં કામ અઘરૂં માલમ પડે તોબી ફરીથી કોશેશ કરજો, કોશેશ કરજો. વખત તમને તમારો બદલો લાવી આપશે, ફરીથી કોશેશ કરો, કોશેશ કરો. જે સઘળું બીજા માણસો કરી શકે તે તમે ધીરજથી કાંય નહિ કરી શકો? ફક્ત આ કાયદો ધ્યાનમાં રાખજો, ફરીથી કોશેશ કરો, કોશેશ કરો.

THE POOR BLIND MAN ગરીબ આંધળો માણસ.
गरीब आंधळा मनुष्य.

Poor, *adj.* (પુઅર) ગરીબ. पुअर–गरीब Wretched; needy.
Leading, *pres. part.* (લીડિંગ) દોરવી લઈ જતી. लीडिंग–नेत. Guiding.
Leaning, *v. i.* (લીનિંગ) અઢેલ તો. लीनिंग्–टेंकलेला. Resting.
Sunshine, *n.* (સનશાઇન) તડકો. सनशाइन्–सूर्यप्रकाश. The light of the sun.
Beautiful, *adj.* (બ્યુટિફુલ) સુંદર. ब्युटिफुल्–सुंदर. Pretty.
Faces, *n.* (ફેસિઝ) ચહેરો. फेसिस्–चेहेरे. Countenances.
Dead, *adj.* (ડેડ) મરી ગયલી डेड–मृत. Without life.
Wife, *n.* (ઉવાઇફ) બઇરી. वाइफ्–स्त्री. The lawful consort of a [man.
To beg, *inf.* (બેગ) ભીખ માગવી. बेग–भीकमागणें. To ask in charity.

Kind, *adj*. (કાઇન્ડ) માયાળુ. काइंड्–दयाळू. Humane.
Now and then કોઈ કોઇ વાર. कधीं कधीं. Occasionally.
Unkind, *adj*. (અનકાઇન્ડ) દયા વગરના अनकाइंड्–निष्ठूर. Not kind.
Pity, *v. t*. (પિટિ) દયા કરો. पिटि–दयाकरा. Feel mercy for.
Pice, *n*. (પાઇસ) પૈસો. पाइस्–पैसा. Three pice. [hand can grasp.
Handful, *n*. (હૅન્ડફુલ)મુઠ્ઠો ભરીને. हँडफुल–मूठभर As much as the
Bless, *v. t*. (બ્લેસ) સુખી કરવું ब्लेस्–सुखीकरणें. Make happy.

(૧) અહિયાં તમે એક નાની છોકરીને, એક બુઢો માણસ, જે એક લાકડી ઉપર ટેકો દઇને ચાલે છે, તે હાથ પકડીને દોરવી લઇ જતાં જુઓ છો તેણી તેની દીકરી થાય છે, અને તેણી તેને દોરવી લઇ જાય છે, કારણ કે તે આંધળો છે. (૨) આ બિચારો માણસ પ્રકાશીત સુરજનો તડકો કદી જોશે નાહ. તે કદી પણ સુંદર ફુલો અથવા ખેતરો અથવા ઝાડો અથવા પક્ષીઓ વધારે વાર જોશે નહિ. તે અંધારામાં (ચાલતા) એક માણસ જેવો છે. તેને મનસે હમેશા રાત છે. તેને માટે દિવસ નથી. (૩) તે કદી પોતાના મિત્રોના ચહેરા જોઇ શકતો નથી. તેની એક બુઢી મા અને એક નાની દીકરી છે. તેની બાયડી મરણ પામી છે. તે કદી પોતાની માનો ચહેરો પાછો જોઇ શકશે નહિ. પોતાની નાની દીકરી જે તેને હમણા દોરવી લઇ જાય છે, તેનો ચહેરો તે કદી જોઇ શકશે નહિ. (૪) તે કાંઇપણ કામ કરવાને માટે જોઇ શકતો નથી. તેને ખાવાનેમાટે ભીખ માગવી પડેછે. કોઇ દયાળુ માણસ તેને કોઇ કોઇ વાર ખાવાનું, અથવા ખાવાનું ખરીદવાને માટે થોડા પૈસા આપે છે. (૫) એક આંધળા માણસ તરફ કદી દયા વગરના થતા ના તેની ઉપર દયા કરજો અને તેને મદદ કરવાની કોશેશ કરજો. વળી જો તમે ગરીબ હોય તો તેને કોઇ કોઇ વાર એક પૈસો, અથવા મુઠો ભરીને ચોખા આપજો ખોદા તમને તેને માટે સુખી કરશે.

THE CROW AND THE DOG. કાગડો અને કુતરો कावळा आणि कुत्रा.

True, *adj*. (ટ્રુ) સાચી. ट्रू–खरी. Not false.
Story, *n*. (સ્ટોરિ) વાત. स्टोरि–गोष्ट. Tale.
Rich, *adj*. (રિચ) પૈસાદાર. रिच्–श्रीमंत. Wealthy.
Thieves, *n*. (થીવઝ) ચોરો. थीव्हज्–चोर. Those who steal.
Tied, *v. t*. (ટાઇડ) બાંધેલો टाइड–बांधलेला. Fastened.
Chain, *n*. (ચેન) સાંકળ. चेन्–सांखळी. A series of links fitted into one another
Loose, (લુસ) છુટો. लूज़्–सुटा, मोकळा. Not fastened.

Used, *v. i.* (યુઝ્ડ) ટેવ હતી यूज्ड्–संवयहोती. Was accustomed.
Tease, *v. t.* (ટીઝ) પજવવુ टीज्–त्रासदेणें. Annoy.
Mind, *v. t.* (માઇન્ડ) દરકાર કરવી माइन्ड–लक्षदेणे. Care for.
Slyly, *ad.* (સ્લાઇલિ) હરૂસે, લુચ્ચાઇથી. स्लायलि–हळूच. Craftily.
Snatch, *v. t.* (સ્નૅચ) ઝુટવી લુવું. स्नॅच्–घरूननेणें. Seize hastily.
Piece, *n.* (પીસ) ટુકડો. पीस–तुकडा. Bit.
Beak, *n.* (બીક) ચાંચ. बीक्–चोंच. Bill.
Out of the reach of dog. એટલે દુર કે પુગી શકાય નહિ. कुत्र्याच्या आटोकाच्या बाहेर. So far that the dog could not get at it.
Tub, *n.* (ટબ) પીપ. टब्–पिंप. Small cask.
Edge, *n.* (એજ) કિનારી. एज्–कडा. Border.
Drowned, *v. t.* (ડ્રાઉન્ડ) ડુબી ગયો. ड्राउन्ड–बुडालेला. Died in water.
Held, *v. t.* (હેલ્ડ) પકડી રાખ્યો. हेल्ड्–धरून ठेवलें. Seized.
Fast, *ad.* (ફાસ્ટ) મજબુત. फास्ट्–मजबूत, घट्ट. Tight.
Pulled, *v. i,* (પુલ્ડ) ખેન્ચ્યું पुल्ड्–ओढाताण केली. Drew.
Dragged, *v. t.* (ડ્રૅગ્ડ) ખેંચ્યો. Pulled
Foot, *n.* (ફુટ) ફુટ फुट्–फूट. Twelve inches.
Lay, *v. i.* (લે) પડી રહયો. ले–राहिला, पडला. Rested.
Still, *adj.* (સ્ટિલ) સ્થિર. स्टिल्–स्तब्ध. Motionless.
Often, *ad.* (ઑફન) વારંવાર ऑफन–नेहमीं, वारंवार. Frequently.

(૧) એક કાગડા અને કુતરા વિષે આ એક ખરી વાત છે. (૨) એક પૈસાદાર માણસે રાત્રે પોતાના ઘરની સંભાળ લેવાને અને ચોરોને દુર રાખવાને એક કુતરો રાખ્યો હતો. દિવસની વખતે તે કુતરાને એક ભારે પથ્થર સાથે એક સાકળ વડે બાંધવામાં આવ્યો હતો, અને રાત્રે તેને છુટો મૂકવામાં આવતો હતો. (૩) દરરોજ એક કાગડો આવતો હતો અને કુતરાને મળતો હતો. કુતરો અને કાગડો મિત્રો હતા. કાગડો કુતરાથી બીહતો ન હતો, પણ તેની સાથે રમતો હતો અને તેને પજવતો હતો; પણ તે કુતરાને એની બિલકુલ દરકાર ન હતી. (૪) જ્યારે તે કુતરાને દરરોજ પોતાનો ખોરાક મળતો, ત્યારે તે કાગડો હરૂસે આગળ જતો, અને ખાવાનો એક ટુકડો ઝુટવી લેતો, અને તેને પજવવાને માટે તે કુતરાથી માત્ર પહોચાય નહિ તેટલે દુર પોતાની ચાંચમાં તેને પકડી રાખતો. (૫) ત્યારપછી તે વધારે નજદીક આવતો અને જ્યારે તે કુતરો તે ખાવાનો ટુકડો મેળવવાની કોશેશ કરતો ત્યારે તે તેનાથી પહોંચાય નહિ એટલે દુર ઉડી જતો, પણ તે કુતરો ગુસ્સે થતો ન હતો. પોતાની સાથે રમવાને માટે કોઇને મેળ-

વવા તે ખુશી હતો. (૬) તે કુતરાની નજદીક પણ તેનાથી પહોંચાય નહિ એટલે દુર પાણીનું ભરેલું એક પીપ હતું. એક દહાડો જ્યારે તે કાગડો તે કુતરા સાથે રમતો હતો, ત્યારે તે પેલાં પીપના કોર ઉપર બેઠો હતો. જેવો તેણે પાછળ કુદકો માર્યો તેવોજ તે પાણીમાં પડયો, અને લગભગ ડુબી ગયો. (૭) તે કુતરાએ તેની મદદે જવાની કોશેશ કીધી પણ તે સાંકળે તેને મજબુત પકડી રાખ્યો. આખરે તેણે ઘણું જોશમાં ખેંચ્યું અને તે ભારે પથ્થર એક બે ફુટ ઘસડયો. જેવો તે પીપ આગળ પુગી શકયો તેવોજ તેણે તે કાગડાને પોતાનાં મોઢાં વડે બહાર કાઢયો, અને તેને જમીન ઉપર મુકયો. (૮) તે કાગડો થોડો વખત સુધી સ્થિર પડી રહયો, અને ત્યારપછી ઉઠયો. તે જલદીથી પાછો સાજો થયો. તે વારંવાર પાછો આવતો અને પોતાના મિત્ર કુતરા સાથે રમતો.

THE MOON ચંદ્ર. चंद्र.

Brighten, *v.t.* (બ્રાઇટન) પ્રકાશીત કરે છે. ब्राइटन्—प्रकाशमान करतात. Make [bright.

Lamps, *n.* (લૅમપસ) દીવા. लॅम्प्स्—दिवे. Lights.

Hung, *p. p.* (હન્ગ) લટકાવેલા. हंग्—लटकावलेले. Suspended.

Looking-glass, *n.* (લુકિંગ–ગ્લાસ) આરશી. लुकिंग् ग्लास्—आरसा. Mirror.

Mirror *n.* (મિરર) આરશી मिरर—आरसा. Looking-glass.

Quite, *ad.* (કવાઇટ) તદન क्वाइट्—अगदीं, सर्व. Entirely.

Round, *adj.* (રાઉન્ડ) ગોળ. राउंड्—वाटोळा. Circular.

Grows *v. i.* (ગ્રોઝ) થાય છે. ग्रोज—होतो. Becomes.

Goes out of sight—ગુમ થાય છે. दिसेनासा होतो. Disappears.

Weeks, *n.* (ઉવીકઝ) અઠવાડિયાં. वुइक्स्—आठवडे. Seven days.

Fortnight, *n.* (ફોર્ટનાઇટ) પખવાડીઉ. फॉर्टनाइट्—पंधरवडा Two weeks or fourteen days.

Full, *adj.* (ફુલ) આખો फुल—पूर्ण. Entire.

Shape, *n.* (શેપ) આકાર. शेप्—आकार Form.

Thousands, *n.* (થાઉઝન્ડઝ) હજારો. थाउजंडस्—हजारो. A Great [many.

Miles, *n.* (માઇલ્ઝ) માઇલ. माइल्स्—मैल. 1760 Yards.

(૧) સુરજ આપણને દિવસના વખતે રોશની આપે છે, અને ચંદ્ર અને તારા રાતે આકાશને પ્રકાશીત કરે છે. ચંદ્ર અને તારા આકાશમાં ટાંગેલા દીવા જેવા છે. દિવસની વખતે આપણે તેઓને જોઇ શકતા નથી, કારણ કે સુરજ ઘણો પ્રકાશીત છે (૨) ચંદ્રમાં પોતાનું તેજ નથી, પણ પોતાની સઘળી રોશની સુરજ તરફથી મેળવે છે, જો સુરજ એક આરશી અથવા મોઢું જોવાના

કાચ ઉપર પ્રકાશે તો તે આરશી તે રોશની પાછી ફેંકે છે. તેથી ચંદ્ર આકાશમાંની એક મોટી આરશી જેવો છે. તે સુરજની રોશની આપણી તરફ પાછી ફેંકે છે. (૩) કોઇ કોઇ વાર આપણે ચંદ્રને તદન ગોળ અને ઘણો પ્રકાશીત જોઇએ છીયે. તે વખતે તેને પુનમનો ચાંદ કહે છે. ત્યારપછી તે જયાં સુધી છેલ્લે સરવાળે નજરે પડતો બંધ થાય છે. ત્યાંસુધી તે વધારે અને વધારે નાનો થાય છે. એમ કરવાને તેને બે અઠવાડિયાં અથવા ચૌદ દિવસ અથવા એક પખવાડિયું લાગે છે. (૪) એકવાર ફરીથી આપણે તેને ઘણો નાનો દેખાતો જોઇએ છીએ ત્યારે તે ચાંદરાતનો ચંદ્ર કહેવાય છે. તે જયાંસુધી એક પખવાડિયાંમાં પાછો આખો થાય છે, ત્યાંસુધી વધારે અને વધારે મોટો થાય છે. (૫) આ પ્રમાણે આપણને અઠાવીસ દિવસ અથવા ચાર અઠવાડિયે એક વાર નવો ચંદ્ર (ચાંદરાતનો ચંદ્ર મળે છે.) (૬) આકાશમાં ચંદ્ર એક દડા જેવો છે. તે ઘણો મોટો છે, પણ નાનો દેખાય છે. કારણકે તે ઘણો દૂર છે. આપણી અને ચંદ્રની વચ્ચે હજારો માઇલો છે.

PERSEVERE. ખંત રાખો. दीर्घयत्न चालवा.

Persevere, *v. i.* (પરસિવિયર) ખંત રાખો दीर्घयत्न करा. Continue steadily; do not give up.
(૧) વિક્ટોરિયા રાણી એક મોટી રાણી હતી એટલુંજ નહિ, પણ એક ઘણી ભલી સ્ત્રી હતી. (૨) જ્યારે વિક્ટોરિયા તદ્દન એક નાની છોકરી હતી ત્યારે તેણી જાણતી ન હતી કે તેણી એક દહાડો ઇંગ્લાંડની રાણી થશે. તે વખતે ત્યાંનો રાજા ઉવિલિયમ ચોથો હતો, અને તે વિક્ટોરિયાના કાકો હતો. (૩) અલબત તેણીના મિત્રો જાણતા હતા કે જો તેણી જીવે તો તેણી રાણી થશે, પણ તેણી જ્યાંસુધી બાર વર્ષની થઇ ત્યાંસુધી તેણીને તે ખબર ન હતી. (૪) ત્યારપછી એક દિવસ જ્યારે તેણી તવારીખનો પોતાનો પાઠ કરતી હતી ત્યારે તેણીની માયે તેણીને કહયું કે જ્યારે ઉવિલિયમ ચોથો મરણ પામશે ત્યારે તેણી રાણી થશે. (૫) જ્યારે તેણીએ કહયું કે "માય, તમે જે મને કહયું છે, તે મને ફીકરમંદ કરે છે પણ હું મારી ફરજ બજાવવાને કોશેશ કરીશ, અને હું ભલી થઇશ " ત્યારે તે નાની શાહજાદીના આસમાની આંખો આંસુથી ભરાઇ ગઇ. (૬) તે દહાડાથી તે જુવાન શાહજાદી પોતાના પાઠ શીખી અને ઇંગલાંડની રાણી થવાને માટે પોતાને લાયક કરવાને પોતાથી બનતુ કીધું (૭) વરસો વહી ગયાં, અને જ્યારે શાહજાદી વિક્ટોરિયા અઢાર વર્ષની થઇ ત્યારે તેણીનો કાકો રાજા ઉવિલિયમ ચોથો મરણ પામ્યો. ઉવિન્ડસરથી બે ગ્રહસ્થોને સહવારના ઘણા સકારે, વિક્ટોરિયા, જે તે વખતે લંડનમાં એક મહેલમાં રહેતી હતી, તેની આગળ તે ખબર લઇ જવાને મોકળવામાં આવ્યા હતા. (૮) જ્યારે તે બે ગ્રહસ્થો મહેલમાં આવી પુગ્યા, ત્યારે તેઓને જણાવવામા આવ્યું કે શાહજાદી વિક્ટોરિયા ઉંઘાયલી હતી. તોપણ જેઓ ઉવલિયમના મરણની ખબર લઇને આવ્યા હતા, તેઓને મળવાને તે શાહજાદી ઘણી જલદી આવી લાગી (૯) શું બન્યું હતું, તે જેવું વિક્ટોરિયાને જણાવવામાં આવ્યું, તેવાંજ તેણીની આંખમાં આંસુ આવ્યાં. હવે તેણીએ જાણ્યું કે તેણી ઇંગ્લાંડની રાણી હતી, અને તેણીને એક મોટું કામ બજાવવાનું હતું. (૧૦)

એક વર્ષ કરતાં વધારે વખત પછી તે જુવાન રાણીને ઉવેસ્ટ મિન્સ્ટર દેવળમ ઘણા ઠાઠમાં તાજ પહેરાવવામાં આવ્યું. જ્યારે તેણીના માથા ઉપર તાજ મેલવા માં આવ્યું ત્યારે મોટા ઉમરાવો આગળ આવ્યા, તેણીની આગળ ગુટણમંડીયે પડયા; અને તેણીના હાથને ચુંબન કીધું (૧૧) ત્યારપછી આ મોટાં દેવળમ સઘળાં લોકો ઉભાં થયાં અને "ખોદા રાણીને સલામત રાખો!"નું ગીત ગાયું. વિકટોરિયા ત્રેસઠ કરતાં વધારે વર્ષ સુધી ઇંગ્લાંડની રાણી હતી, અને તે સઘળાં વરસો દરમ્યાન તેણીએ પોતાની ફરજ બજાવી, અને પોતાના લોકો ઉપર રાજ ચલાવવાનો કોશેશ કીધી, કે જેથી તેઓ ભલાં અને સુખી થાય. (૧૨) વિકટોરિયા રાણીને ઘણાં દુઃખો અને દલગીરીઓ હતી. તેણીનો વર,જેને તે વહાલથી ચાહતી હતી, તે મરણ પામ્યો, અને તેણીનાં છોકરાંઓમાંનાં કેટલાક નાની ઉમરે મરણ પામ્યા. તેણીના અમલ દરમ્યાન ઘણી લડાઇઓ થઇ, અને તેથી જે દુઃખ અને દલગીરી ઉત્પન્ન થઇ તેનો તેણીએ ઘણો વિચાર કર્યો. (૧૩) પણ પોતાના આખા અમલ દરમ્યાન તેણીએ ભલા થવાનુ અને પોતાની ફરજ બજાવવાનું પોતાનું પહેલું વચન પાળ્યું. અને જ્યારે તેણી ૧૯૦૧ માં, ઇંગ્લાંડના કોઇબી બીજા રાજા કે રાણી કરતાં વધારે વખત સુધી રાજ કરીને, મરણ પામી, ત્યારે જાણે કે એક મિત્રને માટે વિલાપ કરતી હોય, તેમ તેણીની તમામ રૈયતે તેણીને માટે વિલાપ કીધો, કારણકે તેણી એક ભલી મા, એકહેતવંતી બઇરી, અને એક વફાદાર રાણી હતી. (૧૪) વિકટોરિયા ઇંગ્લાંડની રાણી હતી એટલુંજ નહિ, પણ તેણી હિંદુસ્તાનની શહેનશાહબાનુ હતી. તેણી પોતે હિંદુસ્તાન આવવાને કદી શક્તિવાન થઇ નાહ, કારણ કે ઇંગ્લાંડ ઘણું દુર છે, અને તેણીને ત્યાં હદથી વધારે કામ કરવાનું હતું. પણ તેણીએ પોતાના વડા દીકરા એડવર્ડ ઉવેલ્ઝનો શાહજાદો જે હમણા હિંસ્તાનનો શહેનશાહ છે, તેને મોકલ્યો. તે હિંદુસ્તાનમાં બધે ફર્યો અને જ્યારે તે પાછો ગયો, ત્યારે પોતે જે જોયું હતું અને સાંભળ્યું હતું. તે પોતાની માને કહ્યું. (૧૫) જોકે વિકટોરિયા પોતે હિંદુસ્તાન આવી શકયાં ન હતાં, તોપણ તે દેશ વિષે અને જે લોકો તેમાં રહેતા હતા, તેઓ વિષે તેવણ સઘળું જાણતાં હતાં. તેણીએ હિંદુસ્તાનથી એક મુનશીને ત્યાંની ભાષા પોતાને શીખવવાને બોલાવી મંગાવ્યો, અને હિંદુસ્તાની લખતાં અને બોલતાં તેણી શીખી હતી. (૧૬) તેવણ વળી હિંદુસ્તાન વિષે ઘણી ચોપડીઓ અને ઘણાં વર્તમાન પત્રો વાંચતાં હતાં, અને તેવણે જે માણસો હિંદુસ્તાનમાં રહી આવ્યાં હતાં તેમની સાથે વાત કીધી. અને ત્યાનાં લોકો વિષે સઘળું સાંભળ્યું, અને તેઓ કેમ રહેતા હતાં અને દરરોજ શું કરતાં હતાં તે સાંભળ્યું, ઘણા હિંદી ગૃહસ્થો જેઓ ઇંગ્લાંડ ગયા હતા, તેઓ તેણીને મળ્યા હતા અને તેણીની સાથે વાત કીધી હતી. તેણી તેઓ તરફ ઘણી માયાળુ હતી. (૧૭)

જ્યારે તેણીની રયૈત ઉપર કાંઇ પણ દુઃખ આવી પડતું, ત્યારે તે શહેનશાહબાનું ઘણો દલગીર થતી હતી, અને તેઓને મદદ કરવાને માટે પોતાથી બનતું કરતી દુકાળના વખતમાં ગરીબોને માટે ખોરાક ખરીદવાને તેણી પૈસા મોકળતી હતી, અને જે માણસો તેણીને બદલે હિંદુસ્તાન ઉપર અમલ ચલાવતાં હતાં તેઓને તેમને કામ અને ખોરાક આપીને મદદ કરવાને તેણી ફરમાવતી હતી. (૧૮) જ્યારે શહેનશાહબાનું વિકટોરિયા મરણ પામ્યાં, ત્યારે હિંદુસ્તાનના લોકો રડયા કારણ કે તેઓ તેવણને એક માતાની માફક ચાહતા હતાં. તેઓને લાગ્યું કે તેઓએ એક ભલી,માયાળુ રાજકર્તા, જે તેઓને ચાહતી હતી અને તેઓના સંભાળ રાખતી હતીતે ખોહી હતી.

TRUTH-THE RAJAH AND THE PRISONER

સચાઇ–રાજા અને કેદીઓ. सत्य–राजा आणि कैदी.

Rajah, *n.* (રાજા) રાજા. राजा–राजा. A native ruler of one of the states of India.

Prisoners, *n.* (પ્રિઝનર્ઝ) કેદીઓ. प्रिझनर्स–कैदी. Captives. [to see.

Visited, *v. t.* (વિઝિટેડ) મુલાકાત લીધી. व्हिजिटेड–पाहावयास गेला. Went

Prison, *n.* (પ્રિઝન) બંદીખાનું. प्रिझन-तुरुंग. Jail.

Chief, *adj* (ચીફ) મુખ્ય. चीफ-मुख्य मोठा. Principal.

Ruled, *v. i.* (રૂલ્ડ) રાજ્ય કરતો હતો. रूल्ड–राज्य करित होता. Reigned.

Convicts, *n.* (કૉનવિક્ટસ)ગુનેહગારો. persons guilty of crimes कनव्हिक्टस--गुन्हेगार

Handcuffs, *n.* (હૅન્ડકફ્ઝ) હાથની બેડી. हँडकफस–बिड्या Hand-fetters.

Wrists, *n.* (રિસ્ટઝ) કાંડીઓ. रिस्टस-मनगटें. Joints uniting the hand to the arm.

Halt, *inf.* (હૉલ્ટ) થોભવું. हॉल्ट-थांबावयास. Stop.

Wrong, *n.* (રૉન્ગ) ખોટું. रॉंग-अपराध. Unjust act.

Enemy, *n.* (એનિમિ) દુશમન. एनिमि—शत्रु. Foe.

Bribed, *v. t.* (બ્રાઇબ્ડ) લાંચ આપી. ब्राईब्ड-लांच दिला Gave money in order to corrupt the conduct.

Witnesses, *n.* (ઉવિટનેસિઝ) સાક્ષીઓ. वुइटनेसिस—साक्षीदार (अ. व.) Persons who give evidence.

Mean, *v. t.* (મીન) મતલબ. मीन—हेतु असणें. Intend.

My lord, નામદાર महाराज. A title of respect. [fault with

Quarrelled, *v. i.* (કવૉરલ્ડ) કજીયો કીધો. क्वॉरल्ड—भांडली. Found

Injure, *v. t.* (ઇનજર) ઇજા કરવી. इन्जर—त्रास देणें. Hurt.
Trial, *n.* (ટ્રાયલ) તપાસ. ट्रायल—तपासणी Examination of a case.
Law, *n.* (લૉ) કાયદો. लॉ—कायदा. Rule fixed by a government.
Properly, *ad.* (પ્રૉપરલિ) બરાબર. प्रॉपरलि—बरोबर. Well.
Theft, *n.* (થેફ્ટ) ચોરી. थेफ्ट—चोरी. Act of stealing.
Policeman, *n.* (પોલિસમન) પોલિસનો સિપાઇ અથવા અમલદાર. पोलिसमन—शिपाई. A police sepoy or a police officer.
Had taken, *v. t.* (ટેકન) ભૂલમાં ધાર્યો. हॅड टेकन—मानला होता. Had mistaken.
But, *prep.* (બટ) શિવાય बट—शिवाय. Except.
Excuse, *n.* (એકસકયુસ) બહાનું. एक्सक्यूस—सबब. Plea.
Admitted, *v. t.* (ઍડમિટેડ) કબુલ કીધું. ॲडमिटेड—कबूल केलें Owned.
Clasping, *pres. part.*(કલૅસ્પિંગ) પકડીને. क्लास्पिंग—जोडून. Holding.
Lord, *n.* (લૉડ) રાજા. लॉर्ड—महाराज. King.
Justly, *ad.* (જસ્ટલિ) વાજબી રીતે. जस्टलि—न्यायानें Duly.
Guilty, *adj.* (ગિલટિ) ગુનેહગાર. गिल्टि—अपराधी. Sinful.
Continue to stay,—ચાલુ રહે. पुढें तसेंच रहाणें. Go on living.
Company, *n.* (કમપનિ) સોબત. कंपनि-संगत, सोबत. Association.
Guard, *n.* (ગાર્ડ) ચોકીબાન. गार्ड-पहारेकरी Sentinel
Take off, *v.t* (ટેક ઑફ) કાઢી નાખો ટેકऑफ-काढून घे. Remove.
At any rate, કાંઇબી રીતે. कांहीं झालें तरी. In any way.
Added, *v. t.* (ઍડેડ) વધારો કર્યો. ॲडेड-भर घातला. Increased.
Crime, *n.* (ક્રાઇમ) ગુનાહ. क्राइम-गुन्हा Sin; fault. [Bowed down.
Hung down, *v. t.* (હંગ ડાઉન) નીચાં કીધાં. हंग डाऊन—खालीं घातल्या
Was set free, છુટો કરવામાં આવ્યો. सोडून दिला. Was discharged

(૧) એક દહાડો એક રાજાએ. જે મુલક ઉપર તે રાજ્ય કરતો હતો, તેના મુખ્ય બંધીખાનાની મુલાકાત લીધી. તેને ત્યાં કેટલાક ગુનેહગારો પોતાની કાડી ઉપર બેડી સાથે રસ્તા ઉપર પથ્થર ભાંજવા જતા મળ્યા. તે રાજાએ તેમને બોલાવ્યા, અને ત્યારપછી દરેક માણસને પુછ્યું કે શામાટે તેને બંદીખાને નાખવામાં આવ્યો હતો. (૨) પહેલા માણસે કહ્યું કે મેં કાંઇબી ખોટું બિલકુલ કીધું નથી, પણ મારા કોઇ દુશમને મારી સામે જુઠું બોલવાને શાક્ષીઓને લાચ આપી હતી. (૩) તે રાજાએ કહ્યું " શું તમે એમ કહેવા માગોછો કે સઘળા શાક્ષીઓ જુઠું બોલ્યા ? " તે કેદીએ જબાબ આપ્યો, "હા, નામદાર, હું એક

ઘણો ગરીબ માણસ છું, સઘળા સાક્ષીઓ જુઠું બોલ્યા." (૪) બીજો માણસ બોલ્યો કે લાંબા વખતની વાત ઉપર તેની બહેને ન્યાયાધીશની બાયડી સાથે કજીયો કર્યો. પછી તે ન્યાયાધીશે કહ્યું કે તે તેને છજા કરશે. તેથી જ્યારે તેને તપાસને માટે તેની આગળ લાવવામાં આવ્યો, ત્યારે તેણે તેને ૭ મહિના સુધી બંદીખાને મોકલ્યો. (૫) ત્રીજા માણસે કહયું કે ન્યાયાધીશ કે જે બરાબર કાયદા જાણતો ન હતો, તેની કાંઇ ભૂલથી તેને બંદીખાને મોકળવામાં આવ્યો હતો. (૬) ચોઠા માણસે કહ્યું કે તેણે પણ કાંઈ ખોટું કીધું ન હતું; કોઇ ઘરમાં ચોરી થઇ, અને પોલિસના માણસે, બીજો માણસ જે તેના જેવો દેખાતો હતો, તેને બદલે ભૂલથી તેને (ચોર) ધાર્યો હતો, અને તેને પકડ્યો, અને તેથી તે ન્યાયાધીશે તેને બંદીખાને મોકલ્યો. (૭) તેજ પ્રમાણે છેલ્લા શિવાય બધા ગુનેહગારોએ કાંઇ બહાનું દેખાડયું. કોઇએ કબુલ કીધું નહિ, કે તેણે ખોટું કીધું હતું. (૮) ત્યારપછી તે રાજા તે છેલ્લા માણસ તરફ ફર્યો અને કહયું "અને તમે અહિંયાં કાંય? તમે પણ બીજાં માણસોની માફક કાંઇ ખોટું કીધું નથી?" (૯) તે છેલ્લો માણસ પોતાના ચહેરા આગળ પોતાના હાથ પકડીને બોલ્યો, "મહાન નામવર! મેં થોડા પૈસા ચોર્યા, અને વાજબી રીતે મને બંદીખાને મોકળવામાં આવ્યો." (૧૦) ત્યારપછી તે રાજા બોલ્યો, "આના જેવાં ભલાં માણસો, જેઓ સઘળાં કહે છે કે તેઓએ કાંઇ ખોટું કીધું નથી, તેઓની સંગતમાં આ ગુનેહગાર માણસ ચાલુ રહે, તે વાજબી નથી." (૧૧) તેણે તે ચોકીવાનને કહ્યું. "આ માણસની બેડી કાઢી નાખો, અને તેને છોડી દો. તે કોઇબી રીતે સાચું બોલે છે. તેણે જુઠું બોલીને પોતાના વાંકમાં ઉમેરો કીધો નથી. (૧૨) ત્યારપછી તે બીજા માણસોએ પોતાનાં સર નીચા નમાવ્યાં, અને પથ્થર ભાંજવાને રસ્તા ઉપર ચલાવી લઇ જવામાં આવ્યા; જ્યારે જે માણસે સાંચું કહ્યું હતું, તેને છુટો કરવામાં આવ્યો.

EARLY TO BED. સકારે સુઇ જવા વિષે. लवकर निजणें.

Early, *ad.* (અરલિ) સકારે. अर्लि-लवकर, वेळेवर. Not late.
To rise, *inf.* (ટુ રાઇઝ) ઉઠવુ. टु राइज-उठणें. To get up.
Wise, *adj.* (ઉવાઇઝ) ડાહ્યું. वाइज-शहाणें. Prudent. [body.
Health, *n.* (હેલ્થ) તંદરોરસ્તી. हेल्थ्-निरोगी प्रकृति. Sound state of
Seek, *v. t* (સીક) શોધવું. सीक-शोधणें. Search for.
Counsel, *n.* (કાઉનસેલ) શીખામણ. काउन्सेल-उपदेश. Advice.
Asleep, *adj.* (અસ્લીપ) ઉંઘતા. अस्लीप-निजलेला. Sleeping.
Awake, *adj.* (અઉવેક) જાગતા. अवेक जागा. Not asleep.

Purse, *n.* (પર્સ) પૈસાની કોથળી. पर्स-पैशाची पिशवी. A small bag for carrying money in the pocket.
Doctor, *n.* (ડૉક્ટર) વૈદ. डॉक्टर-वैद्य. Physician.
Need, *v. t.* (નીડ) જોઇએ. नीड-जरूर लागणें. Want.
Seldom, *ad.* (સેલ્ડમ) કદાચ. सेल्डम-क्वचित्. Hardly.
Nurse, *n.* (નર્સ) દરદીની માવજત કરનારી સ્ત્રી नर्स-सुईण. दाई. A woman who has the care of sick persons.
Healthy. *adj.* (હેલ્થિ) તંદરોસ્ત. होल्दि-निरोगी. Of sound health.
Wealthy, *adj.* (વેલ્થિ) પૈસાદાર. वेल्दि-श्रीमान्. Rich.

(૧) મેં સાંભળ્યું છે કે સકારે સુઇ, સકારે ઉઠવું એ ડાહ્યા થવાનો માર્ગ છે. (૨) જો તમે તંદરોસ્તી શોધતા હોય, તો તમે આ શીખામણ લેઓ, સકારે સુઓ, અને સકારે ઉઠો. (૩) તે તમારી તંદરોસ્તીને માટે સારૂં છે; તે તમારી પૈસાની કોથળીને માટે સારૂં છે; તમને કોઇ વૈદની જરૂર નહિ પડશે, અને કદાચજ દરદીની માવજત કરનારી સ્ત્રિની ગરજ પડશે. (૪) ત્યારે સકારે સુઓ અને સકારે ઉઠો, કે જેથી તમે તંદરોસ્ત, પૈસાદાર અને ડાહ્યા થશો.

THE CAMEL ઉંટ. उंट.

Camel, *n.* (કૅમલ) ઉંટ. कॅमल्-उंट. An animal that carries loads.
Hot, *adj.* (હૉટ) ગરમ. हॉट-ऊष्ण. Warm.
Deserts, *n.* (ડિઝર્ટ્ઝ) રણો. डेझटर्स-वाळवंटें. Vast sandy plains.
Lump, *n.* (લમ્પ) લચકો. लंप्-गोळा. Mass.
Hump, *n.* (હમ્પ) ખુંધ. हंप्-कोळें, मदार. A swelling on the back.
Sandy, *adj.* (સૅન્ડિ) રેતાળ. सँडि-रेताळ. Full of sand.
Plains- *n.* (પ્લેન્ઝ) મેદાન. प्लेन्स-मैदानें. Open land.
Broad, *adj.* (બ્રૉડ) પહોળો. ब्रॉड्-रुंद. Wide.
Soft, *adj.* (સૉફ્ટ) નરમ. सॉफ्ट-मऊ, नरम. Not hard.
Flat, *adj.* (ફ્લૅટ) સપાટ. फ्लॅट-सपाट. Even.
Sink, *v. t.* (સિંક) ગરક થઇ જવું. सिंक-खोल जाणें. Go down.
Cross, *v. t.* (ક્રૉસ) ઓળંગે છે. क्रॉस-पलीकडे जातात. Go from one end to the other.
Dry, *adj.* (ડ્રાઇ) સુકો. ड्राय-रखरखीत. Parched.
Ponds, *n.* (પૉન્ડ્ઝ) તળાવો. पॉंडस-तळीं. Tanks.
Apart, *ad.* (ઍપાર્ટ) દુર. अपार्ट-दूर Away.

A long way off, ઘણે દુરથી. फार-लांबून. At a great distance.
Rider, *n.* (રાઇડર) સ્વાર. राइडर-स्वार. One who rides.
Gets down નીચે આવ છે. खाली उतरतो. Comes down.
Plenty, *ad.* (પ્લેનટિ) પુષ્કળ. प्लेन्टि-पुष्कळ. विपुलता. A large quantity.
Instead of, *prep.* (ઇનસ્ટેડ ઑવ) બદલે. इन्स्टेड ऑफ-ऐवजीं. In place of.
Goods, *n.* (ગુડ્ઝ) માલ. गुड्स-माल. Wares.
Caravan, (કૅરૅવન) વણજાર. कॅराव्हान्-कारवान. A company of travellers marching together.

(૧) ઉંટ ગરમ મુલકો, જેને રણ કહે છે, તેમાં રહે છે. (૨) કેટલાંક ઉંટો ને પીઠ ઉપર એક મોટો લોચો, જેને ખુંધ કહે છે, તે હોય છે, અને કેટલાંકને બે હોય છે. (૩) ઉંટ જોરાવર હોય છે, અને માણસોને લઈ જવાને માટે, અને ગરમ રેતાળ મેદાનો, જ્યાં એટલો તો તાપ હોય છે કે કોઇપણ ઘોડો કે બીજું કોઇ પશુ આ કામ કરી શકે નહિ. તેમાંથી ચીજો લઇ જવા માટે ઘણું ઉપયોગી હોય છે. તેના પગ પહોળા, અને નરમ અને સપાટ હોય છે, કે જેથી કરીને તે રેતામાં ગરક થઇ જતા નથી. (૪) જે માણસો ગરમ મેદાનો ઓળંગે છે, તેઓને વારંવાર પાણી મેળવવાને માટે ઘણું દુર જવું પડે છે. તપતો સુરજ મેદાનને સુકું બનાવે છે, અને પાણી ઘણા માઇલ દુર આવેલા તળાવો અથવા કુવામાં માત્ર મળી શકે છે. (૫) ઉંટને ઘણે દુરથી પાણીનો વાસ આવી શકે છે, અને જ્યાંસુધી તે તેની આગળ આવી લાગે છે, ત્યાંસુધી આગળ અને આગળ ચાલે છે. ત્યારપછી તેને સારીકાની પીવાનું મળે છે. તેનો સવાર પણ નીચે ઉતરે છે, અને તેને પણ સારી કાની પીવાંનુ મળે છે, અને પોતાની ચામડાંની બાટલી પાણીથી ભરેછે. (૬) તે રેતાળ મેદાનોમાં જાય છે તેની આગમજ તે પુષ્કળ પાણી પીએ છે, કે જેથી કરીને જ્યારે તે કુવાઓથી દુર હોય છે, ત્યારે તે લાંબો વખત સુધી પીધા વગર જીવી શકે છે. (૭) રણો મોટાં મેદાનો છે, જ્યાં રેતી શિવાય કાંઇ જણાતું નથી. તેમાં કાંઇપણ ઘરો, કે ઝાડો, કે ગામડાંઓ, કે રસ્તાઓ વટીક હોતા નથી. તેઓ દરિયા જેવા દેખાય છે, કે જ્યાં પાણીને બદલે રેતી હોય છે. માણસો વહાણમાં દરિયા ઓળંગે છે, અને ઉંટ માણસને આટલું ઉપયોગી છે, અને તેને સુકાં રેતાળ રણમાંથી લઇ જાય છે, તેથી તેને "રણનું વહાણ" કહે છે. (૮) માણસો અને માલ લઈ જતાં ઉંટોની એક લાંબી હારને વણજાર કહે છે.

THE ELEPHANT, હાથી. हत्ती.

Elephant, *n.* (ઍલિફંટ) હાથી. एलिफंट-हत्ती. An animal with a trunk and tusks.

Animal, *n.* (ઍનિમલ) પ્રાણી. ॲनिमल्–प्राणी. Creature.
Picture, *n.* (પિક્ચર) ચિત્ર. पिक्चर–चित्र. A likeness.
Trunk, *n.* (ટ્રંક) સુંઢ. ट्रंक्–सोंड. Snout.
Hangs, *v. i.* (હૅન્ગઝ) લટકે છે. हॅंग्ज–लोंबत असते. Suspends.
Curls, *v. i.* (કર્લ્ઝ) વળે છે. कर्ल्स्–वळतो. Twists.
Two-anna piece, *n.* (ટુ ઍના પીસ)બે આનાનો શિક્કો. टू अनापीस-चवली. A coin of two annas.
Lying; *pres. part.* (લાઇંગ) પડેલો. लाइंग्–पडलेला. Resting.
Feeds, *v. t.* (ફીડ્ઝ) ખવાડે છે. फीड्स्–अन्न चारतो. Gives food to.
Pours, *v. t.* (પોર્ઝ) રેડે છે. पोअर्स–ओततो. Lets fall.
Throat, *n.* (થ્રોટ) ગળું. थ्रोट–गळा. Neck.
Male, *adj.* (મેલ) નર. मेल्–नर.
Tusks, *n.* (ટસ્કઝ) લાંબા અણીયાળા દાંત; દંતુશળ. टस्कस–सुळे. Long pointed teeth.
Smooth, *adj.* (સ્મુધ) લીસા. स्मूथ–गुळगुळीत. Not rough.
Tamed, *p. p.* (ટેમ્ડ) પળાવેલા. टेम्ड्–माणसाळलेला. Domesticated.
Burma, *n.* (બરમાં) બ્રહ્મદેશ. बर्मा–ब्रह्मदेश. A country to the east of India.
Timber-yards, *n.* (ટિમબર–યાર્ડઝ) ઇમારતી લાકડાં ભરી રાખવાની જગા. टिंबरयार्ड–इमारती लांकडें ठेवण्याच्या जागा Places where timber is deposited.
Timber *n.* (ટિમબર) ઇમારતી લાકડાં टिंबर–इमारतीचें लांकूड. Wood fit for building.
Weights, *n.* (વેટ્ઝ) વજન. वेटस–वजनें. Heavy things.
Log, *n.* (લૉગ)ઢીમચું. लॉग्–लांकडाचा ओंडा. A bulky piece of wood
Keeper, *n.* (કીપર) રખેવાળ; માવત. कीपर–महात, राखणारा One who has the care of elephants.
To look after દેખરેખ રાખવાને देखरेख करण्यासाठीं. To take care.
Jungles, *n.* (જંગલ્ઝ) જંગલો. जंगलस-जंगलें. Forests.
Thick, *adj.* (થિક) ગાઢ. थिक–दाट. Dense.
Drove, *n.* (ડ્રોવ) ટોળું. ड्रोव–टोळी. Crowd. | State, *adj.* (સ્ટેટ) હાલત. स्टेट्–स्थिती. Condition. | Bamboos, *n.* (બૅમબુઝ) વાંસ. बाम्बूज,–वांसे Plants of the reed kind.

(૧) હાથી સર્વથી મોટું પ્રાણી છે, જે જમીન ઉપર રહે છે. તમે કદી એક હાથી જોયો છે? હાથીના ચિત્ર તરફ જુઓ. (૨) તેને એક ઘણી મોટી સુંઢ હોય છે. તે પાંચ છ ફીટ લાંબી હોય છે. તે તેના માથાનાં આગળા ભાગમાં

લટકે છે. સુંઢને છેડે એક જાતનો હોઠ હોય છે, જે ઉપર વળે છે, તે વડે હાથી કાંઇ પણ ચીજ ઉંચકે છે. તે વળી જમીન ઉપર પડેલા એક બે આનાના સિક્કાને પણ ઉપાડી શકે છે. (૩) હાથી પોતાની સુંઢ વડે ખાય છે. તે તે વડે પોતાનો ખોરાક ઉંચકે છે. અને તે ખોરાક પોતાના મોઢામાં મુકે છે. તે વળી પોતાની સુંઢ વડે પાણી પીયે છે. તે તેને પાણીથી ભરે છે, ત્યારપછી તે તેનો છેડો પોતાના મોઢાંમાં મૂકે છે, અને તે પાણી પોતાના ગળામાં ઉતારે છે. (૪) નર હાથીને બે લાંબા અણીયાળા દાંત હોય છે. તે ત્રણ ચાર ફીટ લાંબા હોય છે. તેઓ ઘણા સફેદ, લીસા અને કઠણ હોય છે. તે વડે તે ઝાડો ઉખેડી કાઢી શકે છે, અથવા વાઘને પણ મારી શકે છે. (૫) હાથી ઘણા જોરાવર હોય છે. જ્યારે પાળેલા હોય છે, ત્યારે તેઓ માણસને માટે કામ કરે છે. હિંદુસ્તાન અને બ્રહ્મદેશમાં તેઓ ઇમારતી લાકડાં રાખવાની જગામાં કામ કરે છે, અને ઇમારતી લાકડાં અને બીજા ભારે વજન ઉંચકીને લઇ જઇ શકે છે. (૬) હાથી એક લાકડાંનું ઢીમરૂં, જે ચાર કે પાંચ માણસો ખસાડી શકે નહિ, તે પોતાના દાંત ઉપર લઇ જઇ શકે છે. તે પોતાની પીઠ ઉપર પાંચ છ માણસોને લઇ જઇ શકે છે. (૭) તેની દેખરેખ રાખવાને તેને ખવાડવાને અને તેને હાંકવાને એક રખેવાળ હોય છે. તે રખેવાળ પોતાની મરજી પડે તેમ તેને ઉભો કરી શકે છે અથવા સુવાડી શકે છે, ચલાવી અથવાં સ્થિર ઉભો રાખી શકે છે તે પોતાના રખેવાળને તાબે થાય છે. (૮) જંગલી હાથીઓ જંગલમાં રહે છે. હિંદુસ્તાન અને બ્રહ્મદેશના જંગલોમાં ઘણા જંગલી હાથીઓ હોય છે. ટેકરીની નજદીક નીચ જંગલોમાં તમે કોઇ કોઇ વખત એક ટોળાંમાં સાહાઠ જેટલા હાથી જુઓ. (૯) જંગલી હાલતમાં હાથી બામબુના રોપા અને ઝાડનાં પાંદડાં ખાઇને જીવે છે. જંગલી હાથીઓને પકડવામાં આવ છે અને પાળવામાં આવે છે.

THE FOX AND THE CAT. કોહલું અને બિલાડી.

Clever, *adj*. (ક્લેવર) હુશિયાર. क्लेव्हर–हुशार. Intelligent.
Is talked of, *v. t.* (ટાકડ) વિષ બોલવામાં આવે છે. बद्दल गोष्टी सांगतात.
A great deal–ઘણું. पुष्कळ. Much. [a friend.
Friendly, *adj*. (ફ્રેન્ડલિ) મિત્રાચારી ભરેલી. फ्रेंडलि–मित्रत्वाच्या Like
Manner, *n*. (મૅનર) રીત. रीत, नातें. Way
Good morning, *n*. (ગુડ–મૉરનિંગ) સહવારની સલામ. गुडमॉर्निंग–सलाम Morning salutation.
Affairs, *n*. (અફૅર્ઝ) કારભાર. अफेअर्स–कामधंदा. Transactions.
Hard times =કડાકડીના વખત. कडाकडीचे दिवस. Times of scarcity.
Pride, *n*. (પ્રાઇડ) મગરૂરી. प्राइड–ताठा. Arrogance.

Hardly, *ad.* (હાર્ડલિ) ભાગ્યેજ. हार्डलि—क्वचित्. Scarcely. [for food.
Hungry, *adj.* (હંગ્રિ) ભુખી. हंग्रि— भुकेल्या. Having a desire
Mouse-hunter, *n.* (માઉસ–હંટર) ઉંદરનો શીકાર કરનાર. माउसहंटर—उंदराचा पारधी. One who hunts mice.
Tricks, *n.* (ટ્રિક્સ) કળા. ट्रिक्टस—युक्त्या, कला. Contrivances.
Meekly, *ad.* (મીકલિ) નરમાસથી. मीकली—गरीबीनें. Gently.
Pray, *v. i.* (પ્રે) મહેરબાની કરીને કહો. प्रे—मेहेरबानी करून सांगा. I request you to tell me. [ployed in hunting.
Hounds, *n.* (હાઉન્ડઝ) શીકારી કુતરા. हाउंडस्—शिकारी कुत्रे. Dogs em-
Spring, *v. i.* (સ્પ્રિંગ) કુદકો મારવો. स्पिंग्—उडी मारणें. Jump.
Save, *v.* t. (સેવ) બચાવવું सेव्ह—बांचविणे. Rescue.
I am master of=હું જાણું છું=मला माहीत आहेत. I know.
Cunning, *n.* (કનિંગ) લુચ્ચાઇ. कानिंग—लुच्चेगिरी. Craft.
Pity, *v. t.* (પિટિ) દયા આવી. पिटि—कींव येते. Feel for.
Puss, *n.* (પુસ) બિલાડીનું લાડકું નામ. पुस्—माजराचें लाडकें नांव. The fondling name of a cat. | To baffle, *inf.* (બૅફલ)—હરાવવા; નિષ્ફલ કરાવવા. बॅफल्—चकविणें. To befeat.
Approaching, *pres. part.* (ઍપ્રોચિંગ) નજદીક આવતા. ॲप्रोचींग—जवळ येतांना. Coming near.
Sprang, *v. i.* (સ્પ્રૅન્ગ) કુદકો માર્યો. स्प्रॅन्ग—उडी मारली. Jumped.
Nimbly, *adj.* (નિમબલિ) ઝડપથી; ચાલાકીથી. निंबलि—चपळाई. Actively; swiftly.
Seated, *v. t.* (સીટેડ) બેઠી. सीटेड—बसविलें. Settled.
Was hidden, *v. t.* (હિડન) છુપાયલી. लपली होती. Concealed.
Close, *ad.* (કલોસ) નજદીક. क्लोज—जवळ, नाजिक. Near.
Already, *ad.* (અલરેડિ) અત્યાર આગમજના. ऑलरेडि—आधींच. By this time. | Seized, *v. t.* (સીઝડ) પકડયો. सीज्ड—धरलें, पकडलें. Caught. | Escaped, *v. i.* (અસ્કેપ્ડ) બચી જતે; નાસી જતે. एस्केप्ड—निसटला. Run away.

(૧) એક દહાડે એક બિલાડી એક કોહલાંને જંગલમાં મળી. તેણીએ; વિચાર્યું, " અરે તે હુશિયાર અને ડાહયો છે, અને તેને વિષે ઘણું બોલાય છે. હું તેની સાથે વાત કરીશ." તેથી તેણી તદન મિત્રાચારી ભરેલી રીતે બોલી " સાહેબજી, વહાલાં મીસ્તર કોહલાં; તમે કેમ છો ? અને આ કડાકડીના

વખતના તમારૂ કામકાજ કેમ ચાલે છે ? (૨) તે મગરૂરીના ભરેલા કોહલાંએ માથાંથી તે પગ સુધી બિલાડી તરફ જોયું, અનેતેણીને શું કહેવું તે ભાગ્યેજ જાણ્યું. આખરે તે બોલ્યો, " અરે તમે ગરીબ, નાના, ભૂખ્યાં, ઉંદરનો શીકાર કરનાર, તમને કેટલી યુકિતઓ ખબર છે?" (૩) તે બિલાડીએ નરમાસથી જવાબ આપ્યો,"મને ફકત એક યુકિત આવડે છે." તેણે પુછયું,"મને મહેરબાની કરીને કહો કે તે શું છે? તેણી બોલી, " ઠીક, જો શીકારી કુતરાઓ મારી પાછળ આવે, તો હું એક ઝાડમાં કુદકા મારી ચઢી જાઉં છું, અને મારો બચાવ કરી શકું છુ." (૪) તે કોહલું બોલ્યું, " એટલુંજ કે ? કાંય, મને સો યુકિતઓ આવડે છે, અને દરેક જણે મારી લુચ્ચાઇ વિષે સાંભળ્યું છે; પણ બિલાડી, મને તમારી દયા આવે છે; તેથી મારી સાથે આવો અને માણસ અને શીકારી કુતરા બેઉને કેમ નિષ્ફળ કરવા તે હું તમને શીખવીશ." (૫) આ પળે એક શીકારી પોતાના શીકારી કુતરાઓ સાથે નજદીક આવતો જણાયો. તે બિલાડી ઝડપથી એક ઝાડ ઉપર કુદકા મારીને ચઢી ગઇ, અને સૌથી ઉંચી ડાંખળી ઉપર બેઠી, કે જ્યાં તેણી પાંદડાંમાં તદન છુપાઇ રહી. તે કોહલું વિચારવા લાગ્યું, કે સો યુકિતઓમાંની કઇ તેણે અજમાવવી જોઇએ, પણ તે શીકારી કુતરાઓ એટલા નજદીક હતા, કે તેને વિચાર કરવાને વખત ન હતો (૬) તે બિલાડી બોલી, " હવે મીસ્તર કોહલાં, તમારી સુંદર યુકિતઓમાંની એક હમને જોવા દો, " પણ શીકારી કુતરાએ તેને અત્યાર આગમજનો પકડી ચુકા હતા (૭ તે બિલાડી બોલી, " અરે મારા મિત્ર કોહલાં, તમારી સો યુકિતઓ તમને ઘણી કામની નથી; હમણા જો મારી માફક ફકત તમને એક આવડતે, તો તમારી જીંદગી સાથે તમે બચી જતે.

SWEET AND LOW. ખુશનુમા રીતે અને ધીમેથી.

सुखकारक आणि मंजूळ

Sweet, *adj.* (સ્વીટ) ખુશનુમા રીતે. स्वीट-सुखकारक. Delightfully.
Low, *adj.* (લો) ધીમેથી लो- मंजूळ. Gently.
Western, *ad.* (ઉવેસ્ટર્ન) પશ્ચિમ તરફનો. वेस्टर्न—पश्चिमेकडील. Of the side towards which the sun sets.
Breathe, *v. i.* (બ્રીધ) ધીમેથી ફુક. ब्रीद्—मंदवहा. Blow gently.
Blow, *v. i.* (બ્લો) ફુક. ब्लो—वहा. (सोसाटयानें) Move rapidly
Rollings, *ad.* (રોલિંગ) ગબડતાં. रोलिंग-वर खाली होणारा. Moving circularly.
Dying, *adj.* (ડાઇંગ) આથમતા. डाईंग-मावळत्या. Setting.
Little one=બાળક. Child.

Rest, *v. t.* (રેસ્ટ) આરામ લો. रेस्ट–विसावा घे. Take repcse.
Breast, *n.* (બ્રેસ્ટ) છાતી. ब्रेस्ट्–छाती. Bosom.
Babe, *n.* (બેબ) બાળક. बेब्–बाळक. Young one. [like silver.
Silver, *n.* (સિલવર) રૂપેરી પ્રકાશ. सिल्व्हर–रुपेरीप्रकाश. Light shining
Sails, *v. i.* (સેલ્ઝ) ધીમેથી આવે છે. पसरतो. Glides.
Silver. *adj*(સિલવર)રૂપાની મ ફક પ્રકાશતો. रुप्याप्रमाणें. चकचकीत. Shining like silver.

(૧) પશ્ચિમ તરફના દરિયાના પવન ખુશાલમા રીતે અને ધીમેથા,ખુશાલુમા રીતે અને ધીમેથી પશ્ચિમ તરફના દરિયાના પવન, ધીમેથી, ધીમેથી, આસ્તે ફુક અને ફુક! ગબડતા પાણી ઉપર જા, અસ્ત પામતા ચંદ્રમાંથી આવ અને ફુક, ફરીથી તેને મારી આગળ પાછા હડસેલ; જયારે મારૂં બાળક, મારૂં ખુબસુરત બાળક ઉંઘાય છે. (૨) ઉંઘા અને આરામ લે, ઉંઘા અને આરામ લે, બાવા તારી આગળ જલદીથી આવશે; માયની છાતી ઉપર આરામ લે, બાવા જલદીથી તારી આગળ આવશે; બાપ માળામાં પોતાના બાળક આગળ આવશે, રૂપેરી પ્રકાશ સઘળો પશ્ચિમમાંથી રૂપાંની માફક પ્રકાશતા ચંદ્ર હેઠે આવે છે. ઉંઘ, મારાં નાનાં બાળક ઉંઘ, મારાં સુંદર બાળક ઉંઘ.

RICE ચોખા. राईस–तांदूळ.

Rice, *n.* (રાઇસ) ચોખા. राईस्–तांदूळ. The grain of a plant used as food. Chief, *adj*. (ચીફ) મુખ્ય. चीफ–मुख्य. Principal.
World, *n.* (વર્લ્ડ) દુન્યા. वर्ल्ड–पृथ्वी. The earth.
Countries, *n.* (કંટ્રિઝ) દેશો. कंट्रीज्–देश. Regions.
Paddy, *n.* (પૅડિ) ડાંગર. पॅडि–पेंढा. Rice-plant. [from husks-
Is cleaned, *v. t.* (ક્લીન્ડ) સાફ કરવામાં આવે છે. झोडतात. Freed
Fit, *adj*. (ફિટ) લાયક. फिट्–लायक, योग्य. Suitable.
Season, *n.* (સીઝન) ઋતુ. सीझन्–ऋतु. Time.
Has begun, *v.i.* (બિગન) શરૂ થઇ. सुरू झाला आहे. Commenced.
Tanks, *n.* (ટૅન્કઝ) તળાવો. टॅक्स–तळीं. Ponds.
Rivers, *a.* (રિવર્ઝ) નદીઓ. रिव्हर्स–नद्या. Streams of fresh water falling into a sea or lake.
Nearly, *ad.* (નિયર્લિ) ભગભગ. निअरलि–अगदीं. Almost.
Busy, *adj.* (બિઝિ) રોકાયલા. बिझी=उद्योगी. Engaged in work.
Growing *ger.* (ગ્રોઇંગ) ઉગાડવા. ग्रोइंग–पिकवीत. Producing.

Farmer, *n.* (ફારમર) ખેડુત. फार्मेर–शेतकरी. Husbandmen.
Bullocks, *n.* (બુલકઝ) બળદો. बुलक्स्–बैल. Oxen.
Plough, *n.* (પ્લાઉ) હળ. प्लाउ–नांगर. An instrument for turning up the soil
Ploughs, *v. t.* (પ્લાઉઝ) હળથી ખેડે છે. प्लाउज्–नांगरतो. Turns up [the soil with a plough.
Earth, *n.* (અર્થ) જમીન. अर्थ्–जमीन. S il.
Corner, *n.* (કૉરનર) ખુણું. कॉर्नेर–कोंपरा. Nook.
Sows, *v. t.* (સોઝ) વાવે છે. साेज्–परतो ˣ·a'ters over the earth [for growth.
Seeds, *n.* (સીડઝ) બીયાં. सीड्स–बीं (अ. व.) Grain.
Roots, *n.* મૂળ. रूटस्–मुळें, पाळ. The part of a plant which fixes itself in the ground.
Mud, *n* (મડ) કાદવ. मड्–चिखल. Mire.
Ties, *v. t.* (ટાઇઝ) બાંધે : टाइज–बांधतो. Fastens-
Bundles, *n.* (બંડલઝ) ભારીઓ. बंडल्स्–जुड्या मूठ. Packs.
Young, *adj.* (યંગ) નાના. यंग कोंवळया Tender.
Line, *n.* (લાઇન) હાર. लाइन–रांग. Row.
Push, *v. t.* (પુશ) ખોસે છે. पुश–रोंवतात. Thrust.
Take root,=મુળ બાઝે છે. मूळें धरतात, जगतात. Fix themselves.
Suck, *v. t.* (સક) ચુસે ·: सक्–शोषून घेण. Absorb.
Ripe, *adj.* (રાઇપ) પાક ઉપર આવેના. राइप्–पक, तयार. Mature.
Stalk, *n.* (સ્ટૉક) થડ. स्टॉक–काडी. Stem.
To reap, *inf.* (રીપ) કાપણી કરવા. रीप्–कापण्याचीं. To cut with [a sickle.
Sickles, *n.* (સિકલઝ) દાતરડા. सिकल्स्–विळे. Scythes.
Must be parted, *v. t.* (પારટેડ) છુટું પાડવું જોઇએ. सोडलें पाहिजे, निराळा केलें पाहिजे. Separated.
Straw, *n.* (સ્ટ્રૉ) પરાળ. स्ट्रॉ–पेंढा. Stalks of rice.
Baskets. *n.* (બાસ્કેટસ) ટોપલી. बास्केटस्–टोपल्या. Vessels made of [twigs.
Chooses, *v. t.* (ચુઝિઝ) પસંદ કરે છે. चूझिस्–पसंत करतो. Selects.
Sieve *n.* (સિવ) ચાળણી. सीव्ह्–चाळण. A vessel which separate grain from husks-
Bits, *n.* (બિટઝ) ટુકડા. बिटस्–तुकडे. Pieces.
Heap, *n.* (હીપ) ઢગલો. हीप्–रास, ढीग. Mass.
(૧) ચોખા દુન્યાના અરધા કરતાં વધારે લોકોનો મુખ્ય ખોરાક છે. સઘળા

ગરમ દેશો, જ્યાં ઘણો વરસાદ હોય છે, ત્યાં તે સારી રીતે ઉગે છે, કારણ કે તેને સારી રીતે ઊગાડવાને તેને પુષ્કળ પાણી મળવું જોઇએ. (૨) ચોખાના રોપાને ડાંગર કહે છે. જ્યારે દાણા સાફ કરવામાં આવે છે,અને ખાવાને લાયકના બને છે, ત્યારે તેને ચોખા કહે છે. (૩) હવે વરસાદની મોસમ શરૂ થઇ છે. તળાવો સઘળા ભરાતા જાય છે. નદી પણ પાણીથી ભરાતી જાય છે, અને ગામડાંના લોકો હમણા ચોખા ઉગાડવામાં લગભગ સઘળાં રોકાઇ ગયાં છે. (૪) ખેડુત પોતાના બળદ અને પોતાનો હળ ખેતરમાં લઇ જાય છે, અને જ્યાંસુધી જમીન તદન નરમ થાય છે, ત્યાંસુધી તેને ફરીથી અને ફરીથી હળથી ખોડે છે. (૫) ખેતરના એક ખુણામાં તે કેટલાંક ડાંગરનાં બી વાવે છે. જ્યારે નાના ચોખાના રોપા આશરે એક ફુટ ઉંચા થાય છે, ત્યારે તે તેમને નરમ કાદવમાંથી મુળમાંથી ઉખેડી કાઢે છે, અને તેમની ભારીઓ બાંધે છે. (૬) ત્યારપછી માણસો કુમળા રોપાની તે ભારીઓ બાઇડીઓ આગળ લાવે છે, કે જેઓ તે ખેતરમાં હાર બંધ ઉભી રહે છે. બાયડીઓ રોપા લે છે, અને તેઓને નરમ કાદવમાં ખોસે છે. (૭) થોડા દિવસ પછી તે કુમળા ચોખાના રોપાને મુળ બાઝે છે, અને ઉગવા માંડે છે. તેઓ ઘણા તરસા હોય છે. તેઓને પીવાને પુષ્કળ પાણી જોઇએ છે તેઓનાં મુળિયાં જમીનમાંથી ખોરાક ચુશી લે છે. તેઓ દરરોજ વધારે અને વધારે મોટાં થાય છે. (૮) આખરે બે મહિના પછી ડાંગર પાકે છે. દરેક થડને છેડે ચોખાના પચાસ કે સાહાઠ દાણા ઉગશે. પહેલાં ડાંગર લીલો દેખાય છે ત્યારપછી ભૂરો અને પીળો દેખાય છે. દાણા એટલા તો ભારે હોય છે કે તેના રોપાઓ એક બાજુએ નમી પડે છે. (૯) હવે વરસાદ બંધ પડયો છે, અને ચળકતો સુરજ પ્રકાશે છે. ડાંગરની કાપણી કરવાનો વખત થયો છે. માણસો દાતરડાં લઇને ખેતરમાં જાય છે, અને પાકા અનાજની ભારીઓ કાપે છે. અને તે સઘળાંને એક જગાએ મુકે છે. (૧૦) જ્યારે સઘળાં ખેતરોની કાપણી થઇ રહે છે, ત્યારે અનાજને પરાળમાંથી છુટા પાડવો જોઇએ. ખેડુત પોતાના બળદોને તે ડાંગરના ભારાની ઉપર ગોળ અને ગોળ ફેરવે છે. (૧૧) થોડો વખત પછી દાણા પરાળમાંથી નીકળી પડે છે. તે પરાળને લઇ જવામાં આવે છે, અને, અનાજને ટોપલીમાં મુકવામાં આવે છે. ખેડુત જમીનનો એક લીસો ટુકડો પસંદ કરે છે, અને એક ચાળણી જે તે ઉપર પકડી રાખે છે, તેમાંથી તે અનાજ રેડે છે, અને પવનથી પરાળના નાના ટુકડા ઉડી જાય છે. ભારે ડાંગર જમીન ઉપર એક ઢગલામાં પડે છે.

LITTLE THINGS—નાની ચીજો. लहान गोष्टी.

Words, *n.* (ઉવડઝ) શબ્દો. वर्डस्—शब्द. Terms,

[Tenderness.
Kindness, *n.* (કાઇન્ડનેસ) માયા. काइंडनेस्—माया. Humanity;
Cheer, *v. t.*(ચિયર) દિલાસો દે છે. चिअर—आनंदवितात. Comfort.
World, *n.* (ઉવર્લ્ડ) મોટો જથ્થો. सागर. A large quantity.
Gladness, *n.* (ગ્લૅડનેસ) ખુશાલી. आनंद. Joy.
Smile, *n.* (સ્માઇલ) હસતો ચહેરો. हास्य. Smiling appearance.
Impart, *v. t.* (ઇમપાર્ટ) આપવું. इंमपार्ट—देणें. Give.
Acts, *n.* (ઍક્ટ્ઝ) કામો. ॲक्टस्—कृत्यें. Deeds.
Cost, *v. t.* (કૉસ્ટ) કિમત પડવી. कॉस्ट—किंमत पडते. Is worth.[had
Are wanting, =નથી હતો.=जरूर असते, अभाव असतो. Are not to be
Charm, *n.* (ચાર્મ) ખુશાલી. चार्म् वैभव, आनंद. Delight. [valuable.
Richest, *ad.* (રિચિસ્ટ) સૌથી કિમતી. रिचेस्ट्—अति मौल्यवान्. Most
Gems, *n.* (જિમ્ઝ) ઝવાહીરો. जेम्स्-रत्नें. Jewels.
But, *ad.* (બટ) માત્ર. बट्—फक्त. Only.
Trifles, *n.* (ટ્રાઇફલ્ઝ) નજીવી ચીજો. भिकार वस्तु. Worthless things
Priceless, *ad.* (પ્રાઇસલેસ) ઘણુંજ કિમતી. अमोलिक Invaluable.
Worth, *n.*(ઉવર્થ) કિમત. वर्थ—योग्यता. Value.

(૧) માયાના નાના શબ્દો—તેઓ દીલને કેવું ખુશ કરે છે! એક હસતો ચહેરો કેટલી બધી ખુશાલી આપશે! (૨)માયાના નાના કામો—તેઓની કાંઇ કિમત પડતી નથી; તોપણ, જ્યારે તેઓ નથી હોતાં ત્યારે જીંદગીની સૌથી સરસ ખુશાલી ગુમાઇ જાય છે. (૩) માયાના નાના કામો—પૃથ્વી ઉપરના સૌથી કિમતી ઝવાહીરો છે—જો કે તેઓ માત્ર નજીવાં જણાય છે, તોપણ તેઓની કિમત મુલ વિનાની છે.

THE IDLE BOY, આળસુ છોકરો आळशी मुलगा.

Ranga, *n.* (રંગા) નામ છે. रंगा—मुलाचें नांव.
Used to send=મોકલતો હતો=पाठवीत असे. Was sending.
Pleasant, *v. t.* (પ્લેઝન્ટ) ખુશનુમા. प्लेझंट—रम्य. Delightful.
Replied, *v. t.* (રિપ્લાઇડ) જવાબ આપ્યો. रिप्लाइड—उत्तर दिलें. Answered. | To watch, inf. (ટુ ઉવૉચ) તપાસવું. टुवॉच्—पहारा-करण्यासाठीं. To guard.
Master's, *n.* (માસ્ટર્ઝ) શેઠનો. मास्टर्स—धन्याचें. Owners.
Thieves, *n.* (થીવ્ઝ) ચોરો. थीव्हज्—चोर. (अ. व.)
Those who steal others' things.

May get into દાખલ થાય आंत शिरतील. May enter.
Stick, *n.* (સ્ટિક) લાકડી. स्टिक—काठी, काडी. A long piece of wood.
Finish, *v. t.* (ફિનિસ) પુરૂં કરવું. फिनिश्—संपविणें. Make complete
Bees, *n.* (બીઝ) મધમાખી.बीज=मधमाशा. Insects that make honey.
Are gathering, *v. t.* (ગૅધરિંગ) એકઠું કરીયે છીયે. (गॅदरिंग) जमवीत आहों. Collecting.
Will be dead=કરમાઇ જશે= कोमेजतील. Will wither.
Honey, *n.* (હનિ) મધ. हनि—मध. Sweet juice collected by bees from flowers.
Store up, *v. t.* (સ્ટોર) સંગ્રહ કરવો. स्टोअर अप्—संग्रह करणें. Lay by
Talk, *v. i.* (ટૉક) વાત કરવી. टॉक्—बोलणें. Speak to.
Ants, *n.* (ઍન્ટ્સ) કીડીઓ. ॲन्टस्—मुंग्या. Emmets.
Proper, *adj.* (પ્રૉપર) યોગ્ય. प्रॉपर—योग्य. Fit.
Lost, *v. t.* (લૉસ્ટ) ગુમાવ્યો. लॉस्ट—गमावला. Wasted.
Except, *prep.* (એક્સેપ્ટ) શિવાય एक्सेप्ट—शिवाय. But.
As hard as he could=જેમ બને તેમ ઝડપથી=त्याच्यानें जाववलें तितकें जलद. As fast as possible.
Got, *v. i.* (ગૉટ) પુગ્યો. गॉट-पोंचला. Reached.
Master, *n.* (માસ્ટર) શિક્ષક. मास्टर-गुरूजी. Teacher.

(૧) એક વાર રંગા નામનો એક નાનો છોકરો હતો. તે ઘણો નાનો અને માત્ર ૭ વર્ષની ઉમરનો હતો. તેનો બાપ તેને દરરોજ નિશાળે મોકળતો હતો. (૨) એક સહવારે નિશાળે જવાને બદલે તે ગામ બહાર ખેતરમાં ગયો. તે એક ઘણી ખુશનુમા સહવાર હતી. સુરજ પ્રકાશતો હતો, અને પક્ષીઓ ગાતાં હતાં. રંગાને નિશાળે જવા ગમ્યું નહિ. તે આખો દહાડો અહીં તહીં રમવા માગતો હતો, પણ તેની સાથે રમનાર કોઇ ન હતું, કારણ કે બીજા બધા ગામડાંના છોકરાઓ નિશાળે ગયા હતા. (૩) તેથી તેણે એક કુતરો, જેને તેણે દોડી જતાં જોયો, તેને હાંક મારી બોલાવ્યો અને કહ્યું "કુતરા, આવ, અને મારી સાથે રમ " પણ તે કુતરાએ જવાબ આપ્યો, " નહિ, નહિ ! મારે આળસુ થવું ન જોઇએ. હું મારા શેઠનું ઘર તપાસવા જાઉં છું. મારે ઝડપથી દોડવું જોઇએ, નહિ તો કોઈ ચોર તેના ઘરમાં દાખલ થશે. " (૪) ત્યારપછી રંગાએ એક કાગડાને તેના મોઢામાં એક નાની લાકડી સાથે જોયો, અને તેને કહ્યું, " કાગડા, આવ અને મારી સાથે રમ. " પણ તે કાગડાએ કહ્યું " નહિ, નહિ ! મારે આળસુ થવું ન જોઇએ. હું મારો માળો બાધું છું, અને વરસાદ આવે તેની આગમજ મારે તે

પુરો કરવો જોઇએ. હું કોઇપણ સાથે રમી શકતો નથી. મારે આખો દહાડો કામ કરવું જોઇએ.''તેથી તે કાગડો ઉડી ગયો.(૫)ત્યારપછી રંગાએ કેટલીક મધમાખોને એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર ઉડતાં જોઈ અને તે બોલ્યો, " સુંદર મધમાખો. આવો અને મારી સાથે રમો " પણ તે મધમાખોએ કહ્યું "નાહ, નહિ! હમે મધ એકઠું કર્યે છીયે. જલદીથી ફુલો મરી જશે, અને આપણને મધ મળી શકશે નહિ. જ્યારે આપણને મધ મળી શકે, ત્યારે આપણે તે એકઠું કરવું જોઇએ. હમારી સાથે વાત ના કરો;હમે એટલાં ઉદ્યોગી છીએ કે હમે વાત પણ કરી શકતાં નથી. " (૬)ત્યારપછી રંગાએ કેટલીક કીડીઓને ચાલતાં જોઇ; દરેક કીડી પાસે એક ચોખાનો દાણો હતો, જે તે લઈ જતી, તેણે કહ્યું" કીડીઓ, એક મિનિટ થોભો અને મારી સાથે રમો. તમો તમારૂં કામ પછી કરો શકશો.'' પણ તે કીડીએ જવાબ આપ્યો. "નહિ, નહિ! આપણે માટે ખોરાક એકઠો કરવાનો આ લાયક વખત છે. હમણા હમે ખોરાક સંઘરીયે છીયે, કે જેથી કરીને જે મોસમમાં અનાજ ઉગતો નથી, તે મોસમમાં ખાવાને હમને ખોરાક મળે. હમે એક મિનિટ પણ થોભી શકતાં નથી.હમણા પણ તમારી સાથે વાત કરવામાં હમે કેટલીક વખત ગુમાવ્યો છે. ''તેથી તે કીડીઓ તેઓના નાના પગો જેટલી ઝડપથી તેઓને લઇ જઇ શકયા તેટલી ઝડપથી પોતાના દરમાં ચાલીગઇ. ત્યારપછી રંગા બોલ્યો, "શું ! ગામમાં મારા શિવાય આળસુ કોઇ નથી? કુતરા, અને પક્ષીઓ, અને વળી નાની કીડીઓ અને મધમાખો આટલી બધી ઉદ્યોગી છે? ત્યારે મારે પણ ઉદ્યોગી થવું જોઇએ. તેથી તે જેમ બને તેમ ઝડપથી નિશાળે દોડી ગયો, અને જેવા શિક્ષક આવી પુગ્યા તેવોજ તે ત્યાં પહોંચ્યો.

A TRIP ON THE RIVER નદી ઉપર સહેલગાહ. नदींतील सहल.

Trip, *n.* (ટ્રિપ) સહેલગાહ.ट्रिप—पर्यटण, सहल. A short voyage.

Holiday, *n.* (હૉલિડે) છુટીનો દહાડો A day of exemption from labour. | Uncle, *n.* (અંકલ) કાકો अंकल—चुलता. Father's brother

Aunt, *n.* (આન્ટ) કાકી. आंन्ट—आते. चुलती. Father's sister.

Cousins, *n.* (કઝિન્ઝ) પીત્રાઇ. कझन्स्—चुलतभावंडें. The son or daughter of an uncle or aunt. [All together.

Altogether, *adj.* (ઑલ ટુ ગેધર) બધાં મળીને. ऑल्टुगेदर—एकंदर.

To steer, *inf.* (સ્ટિયર) મછવા ચલાવવા स्टिअर—सुकाणू धरण्यास. To direct the boat.

To row, *inf.* (રો) હલસાં મારવાને. रो—वल्हाविण्यास. To labour with oars.

[To impel by poles.
To pole, *inf*. (પોલ) બાંબુ વડે હંકારવા पोल्–काठींनें नेण्यास, डोलविण्यास
Shallow, *adj*. (શૅલો) છાલકાં शॅलो–उथळ. Not deep.
Push, *v. t.* (પુશ) હડસેલવું. पुश्–चालविणें, नेणें. Drive. [ces of wood
Poles, *n*. (પોલ્ઝ) વાંસ. पोल्स्–काठ्या (बांबूच्या) Long slender pie-
Middle, *n*. (મિડલ) વચલો ભાગ. मिडल्–मध्यभाग. Centre.
Covering, *ger*. (કવરિંગ) છત્ર. कव्हरिंग्–छप्पर. Roof; screen.
Mats, *n*. (મૅટ્ઝ) સાદડીઓ. मॅटस्–हांतऱ्या. Fabrics of rushes.
Be off, જવું; હંકારવું. जाणें, वल्हवणें. Go, sail.
Banks, *n*. (બૅન્કઝ) કિનારા. बॅन्क्स्–तीरं. Shores.
Count, *v. t.* (કાઉન્ટ) ગણવું. काउंट्–मोजणें. Reckon.
Cocoa-nut, *n*. (કોકોનટ) कोकोनट्–नारळीचीं. A hard-shelled nut.
Smoke, *n*. (સ્મોક) ધુમાડો स्मोक–धूर. Visible vapour coming out
of a burning body. [up
Rising, *pres. part* (રાઇઝિંગ) ઉપર ચઢતાં. राइझिंग्–वर जातात. Going
Wooden, *adj*. (ઉડન) લાકડાંનું वूडन–लांकडी, Made of wood.
Steamer, *n*. (સ્ટીમર) આગબોટ. स्टीमर–आगबोट. Steam ship.
Upset, *v. t.* (અપસેટ) ઉંધુ વાળવું. अपसेट्–उलटणें. Overturn.
Floating, *pres. part* (ફ્લોટિંગ) તરતી. फ्लोटिंग–तरंगत, वहात.
Drifting.
Raft, *n*. (રાફ્ટ) તરાપો. रॅफ्ट—तराफा. Float.
Tie, *v. t.* (ટાઇ) બાંધે છે. टाय-बांधतात. Fasten. [Dragged.
Are pulled, *v. t.* (પુલ્ડ) ઘસડી જવામાં આવે છે. पुल्ड–ओढून आणतात.
Stream, *n*. (સ્ટ્રીમ) નદી. स्ट्रीम्–प्रवाह. River.
Top, *n*. (ટૉપ) સપાટી. टॉप्—सपाटी. Surface.
Hut, *n*. (હટ) ઝુંપડું. हट्—झोंपडी. Cottage.
Rafts men, *n*. (રફ્ટસ-મેન) તરાપા ચલાવનાર. रॅफ्टस् मेन—तराफावाले.
Men who manage rafts.
Live, *v. i.* (લિવ) રહેછે. लिव्ह—राहतात. Dwell.
Reach; *v. t.* (રીચ) પહોંચવું. रीच—पोहोंचणें. Arrive at.
Boatman, *n*. (બોટમન) હોડીવાળો. बोटमन्—होडीवाला. One who
manages a boat.
Next, *adj*. (નેક્સ્ટ) બીજું. नेक्स्ट–पुढील, दुसरें. Nearest in place.
Land, *inf*. (લૅન્ડ) કિનારે ઉતરવું. लॅन्ड्–उतरणें. Go on land.

Cakes, *n*. (કેકઝ) કેક પુરીઓ. केक्स्–पोळ्या. Small round mass of baked dough.

To-morrow, *n*. (ટુ-મૉરો) આવતી કાલે. टुमॉरो—उद्या. The day after the present.

(૧) આવો, મારાં વહાલાં છોકરાં, આજે નિશાળે છુટી છે. તહેવાર છે. મારી સાથે આવો, અને ચાલો આપણે મછવામાં બેસીને નદીમાં હંકારી જઇએ. (૨) ચાલો આપણે જોઇએ. હું પે.તે, તમારો બાપ એક પછી તમારા માય. અને તમારાં કાકા અને કાકી, અને તમારા પાંચ પિત્રાઇઓ અને તમે છોકરાંઓ છો–ચાર છોકરા અને ત્રણ છોકરી. (૩) બધાં મળીને કેટલાં થયાં? કાંય આપણે સોળ જણ છીયે. આપણને એક સારો મોટો મછવો લેવો જોઇએ. અહિયાં એક છે, જે ચાલશે. (૪) હંકારવાને પછવાડે એક માણસ છે, અને હલેસાં મારવાને અથવા વાંસથી ચલાવવાને ત્રણ માણસો છે. જો પાણી ઘણાં ઉંડા હોય, તો તેઓ હંકારશે પણ જો છાલકું હોય, તો તેઓ લાંબા વાંસ વડે મછવો હડસેલશે (૫) તે મછવાની વચોવચમાં એક સુંદર છત્ર છે. તે સાદડીનું બનાવેલુ છે. જ્યારે સુરજ તપશે, ત્યારે આપણે અંદર જઇશું અને બેસીશું. તેમાં ઠંડક હશે. (૬) હવે ચાલો આપણે ઉપડયે, કેવું ઠંડુ અને સુંદર છે! કિનારા ઉપરનાં ઝાડો અને ઘરો કેવાં સુંદર દેખાય છે! નદી ઉપરના મછવામાં હોવાને તમે ખુશી નથી? (૭) જુઓ! એક નાનો ટાપુ છે. વચમાં જમીન છે. અને બધે આસપાસ પાણી છે. જમીન ઉપર ઝાડો ઉગે છે. હું છ નાળિયેરીના ઝાડ અને ઘણાં કેરીના ઝાડ ગણી શકું છું. ત્યાં વળી કેટલાંક ઘરો છે. (૮) હવામાં ઉપર જતા ધુમાડા સાથે એટલું ઝડપથી પાણીમાં આવતું તે શું છે? એક લાંકડાંનાં ઘર સાથનો તે એક મોટા મછવા જેવો દેખાય છે. તે એક આગબોટ છે. (૯) એક આગબોટ મછવાના કરતાં ઘણી વધારે ઝડપથી જાય છે. હું આશા રાખું છુ કે તે છેકજ નજદીક આવશે નહિ! તે આપણને ઉંધાં વાળશે નહિ, તે દુર ચાલી ગઇ છે. (૧૦) નદીના મુખ તરફ તરતી તે મોટી ચીજ શું છે? તે ઇમારતી લાકડાંના ઢીમરાનો એક તરાપો છે. ઢીમરાંને જંગલમાં કાપવામાં આવે છે, અને હાથીઓથી નદી સુધી ઘસડી લાવવામાં આવે છે. (૧૧) ત્યારપછી માણસો તે ઢીમરાંને સાથે બાંધે છે. તેઓ પાણીની સપાટી ઉપર તરે છે, અને નદીમાં ધીમેથી ચાલે છે. તરાપા ઉપર લાકડાંનું બનાવેલું એક નાનું ઝુપડું હોય છે. તરાપો ચલાવનારાઓ તેમાં રહે છે. ત્યાં તેઓ–ત્રણ માણસો અને ચાર બઇરીઓ તરાપા ઉપર ઉભાં છે. (૧૨) હમણા પાંચ વાગ્યા છે. ઘણું જલદીઅંધારું થશે. હું આશા રાખું છું કે રાત અગાઉ આપણે ગામડાંમાં પહોચીશું. ચાલો આપણે મછવાવાળાને પુછગે કે બીજું ગામ કેટલું દુર છે? (૧૩) મછવાવાળો કહે છે કે તે ઘણું દુર નથી. અરધાં કલાકમાં આપણે ત્યાં

પુગીશું હું તેને ઘણું દુર જોઇ શકું છું. (૧૪) લેઓ, આપણે ગામડાં આગળ આવ્યા. ચાલો આપણે કિનારે ઉતર્યે, અને ગામડામાં આસપાસ ફર્યે. હું તમારે માટે ખાવાને થોડીક પુરીઓ ખરીદીશ. (૧૫) જ્યારે અંધારૂં થશે, ત્યારે આપણે મછવામાં પાછા જઇશું, અને આપણું રાતનું ખાણુ લઇશું ત્યાર પછી આપણે મછવામાં સઘળા સુઇ જઇશું અને ઉંઘાઇશું. કાલે આપણે પાછા ઘર જઇશું.

LITTLE DROPS OF WATER. પાણીના નાનાં ટીપાં. पाण्याचे लहान थेंब.

Drops, *n.* (ડ્રૉપ્સ) ટીપાં. ड्रॉप्स्—थेंब. Minute mass of water.
Grains, *n.* (ગ્રેન્ઝ) દાણા. ग्रेन्स्—कण. Small particles.
Sand, *n.* (સૅન્ડ) રેતી. सॅन्ड—वाळू. A mass of fine particles of stone.
Mighty, *adj.* (માઇટિ) મોટો. माइटि—अफाट. Great.
Ocean, *n.* (ઓશન) મહાસાગર. ओशन्—महासागर. A large division of saltwater.
Pleasant, *adj.* (પ્લેઝંટ) ખુશનુમા. प्लेझंट—रम्य. Delightful.
Thus, *ad.* (ધસ) આ પ્રમાણે. दस्—याप्रमाणें. In this way.
Tiny, *adj.* (ટાઇનિ) નાના. टिनि—लहान. Small.
Ages, *n.* (એજીઝ) જમાના. एजिस्—युगें. Periods.
Eternity, *n.* (ઇટરનિટિ) હમેશગી. इटरनिटि—अनाद्यतता. Period without end.
Errors, *n.* (એરર્ઝ) ભૂલો. एरर्स—चुका. अपराध. Mistakes.
Lead, *v. t.* (લીડ) લઇ જાય છે. लीड्—नेतात. Carry.
Soul, *n.* (સોલ) આત્મા. सोल—आत्मा. Spirit.
Path, *n.* (પાથ) માર્ગ. पाथ्—मार्ग. Road.
Virtue, *n.* (વરચ્યુ) સદ્ગુણ. व्हर्च्यु सद्गुण. Moral goodness.
Sin, *n.* (સિન) પાપ. सिन्—पाप. Wicked act.
To stray, *inf.* (સ્ટ્રે) રખડવાને. स्ट्रे—भटकणें. To wander.
Deeds, *n.* (ડીડ્ઝ) કામો. डीड्स्—कृत्यें. Actions.
Garden, *n.* (ગાર્ડન) બાગ. गार्डन्—बाग. A plot of ground with flowers and trees.
Heaven, *n.* (હેવન) બહેશત. हेव्हन्—स्वर्ग. Paradise.
Above, *ad.* (અબવ) ઉપરનું. अबव्ह—वरील. On high.

(૧) પાણીનાં નાના ટીપાં, રેતીના નાના રજકણ મોટો મહાસાગર અને

ખુશનુમા મુલક બનાવે છે. (૨) આ પ્રમાણે નાની મિનિટો, જો કે તે નાની હોય, તોપણ હંમેશગીના મોટા જમાના બનાવે છે. (૩) આ પ્રમાણે આપણી નાની ભૂલો આત્માને સદગુણના રસ્તા ઉપરથી દુર પાપમાં રખડવાને લઇ જાય છે. (૪) માયાના નાના કામો, પ્યારના નાના શબ્દો, આપણી પૃથ્વીને ઉપરના બહેશતની માફક એક બાગ બનાવે છે.

THE PARROT AND THE RAJAH પોપટ અને રાજા
पोपट आणि राजा.

Rajah, *n.* (રાજા) રાજા. राजा–राजा. A native ruler.

Parrot, *n.* (પૅરટ) પોપટ. पॅरट–पोपट. A talking bird.

Taught, *n.* (ટૉટ) શીખવ્યો. टॉट्–शिकविलें. Trained.

Doubt, *n.* (ડાઉટ) શક. डाउट्—संशय. Suspicion.

Question, *n.* (કવેસચન) સવાલ. क्वेश्चन—प्रश्न. Interrogation.

Answer, *n.* (આનસર) જવાબ આપવા. अॅनसर—जबाब देणें. Reply.

To sell, *in.* (સેલ) વેચવાને. सेल्—विकण्यासाठीं. To give in exchange for money.

Rupees, *n.* (રૂપીઝ) રૂપ્યા. रुपीज़–रुपये. Sixteen annas.

Price, *n.* (પ્રાઇસ) કિમત. प्राइस्—किंमत Cost

Wonderful, *adj.* (ઉવનડરફુલ) અજાયબજેવું. वन्डरफुल–विलक्षण. [Strange.

Worth, *adj.* (ઉવર્થ) કીમતનુ હોવું. वर्थ–किंमतीचा. Of the value of

Owner, *n.* (ઓનર) ધણી; માલેક. ओनर–मालक. Proprietor.

Delighted, *v. t.* (ડિલાઇટેડ) ખુશી થયો डिलाइटेड–आनंदित. Pleased.

To talk to, *inf* (ટૉક) વાત કરવી. शीं बोलण्याचा. To speak with.

Tired, *p. p.* (ટાયર્ડ) કંટાળેલો. टायर्ड—कंटाळला. Disgusted.

Same, *adj.* (સેમ) એકનો એકજ. सेम्—तेंच. Not different.

Over and over again=ફરીથી અને ફરીથી. पुन्हा पुन्हा. Again and again. | Fool, *n.* (ફુલ) બેવકુફ. फूल–मूर्ख मनुष्य. Dolt; idiot.

(૧) એક વાર એક માણસ પાસે એક પોપટ હતો. તેણે તેને "તે વિષે કાંઇ શક નથી" કરીને બોલતાં શીખવ્યું હતું. જ્યારે પણ તમે આ પોપટને કાંઇપણ સવાલ પુછો, ત્યારે તે પોતાનું માથું એક બાજુએ નમાવતો હતો, ઘણો ડાહ્યો દેખાતો હતો, અને જવાબ આપતો હતો, "તે વિષે કાંઇ શક નથી." (૨) એક દિવસ તે માણસ તે પોપટને બજારમાં વેચવા લઇ ગયો. તેણે તેના સો રૂપ્યા માગ્યા. સઘળાં લોકો બોલ્યા, "એક પોપટને માટે તે ઘણુંજ મોટું દામ છે. આપણે તે ખરીદશું નહિ. આખરે એક રાજા ત્યાં આવ્યો તે બોલ્યો, "આ

પક્ષી વિષે અજાયબ જેવું શું છે? તમે એટલા બધા પૈસા કાંય માગો છો? શુ તે સો રૂપિયાની કિમતની બરોબરનો છે? " તે માલેકે જવાબ આપ્યો, "મને ના પુછો પોપટને પુછો." (૩) તેથી તે રાજાએ તે પોપટને કહ્યું, " તમારામાં સો રૂપ્યાનો માલ છે? " તે પોપટે જવાબ આપ્યો, " તે વિષે કાંઇ શક નથી. " તે રાજા ખુશી થઇ ગયો. તેણે તે માણસને સો રૂપ્યા આપ્યા; અને તે પક્ષીને ઘર લઇ ગયો. (૪) પણ બીજે દિવસે જ્યારે તેણે તે પોપટ સાથે વાત કરવાની કોશશ કીધી, ત્યારે જે માત્ર શબ્દો તે બોલી શકયો તે એ હતા. " તે વિષે કાંઇ શક નથી, તે વિષે કાંઇ શક નથી " આખરે તે રાજા એકના એક બોલો ફરીથી અને ફરીથી સાંભળવાથી કંટાળી ગયો, અને તે પોપટને કહ્યું "તમારે માટે એક સો રૂપ્યા આપવામાં શું હું મુખ ન હતો? " જેના જવાબમાં તે પોપટે જવાબ આપ્યો, " તે વિષે કંઇ શક નથી. " અને આ વખતે તે પોપટનો જવાબ ઘણો સારો હતો.

ALWAYS KEEP YOUR WORD હંમેશાતમારો બોલપાળજો

नेहमीं आपलें वचन पाळा.

PART I ભાગ પહેલો. भाग पहिला

keep, *v, t.* (કીપ) પાળજો. कीप्—पाळणें. Observe.
Word, *n.* (ઉવર્ડ) વચન. वर्ड—वचन. Promise.
Part, *n.* (પાર્ટ) ભાગ. पार्ट—भाग. Division.
Certain, *adj.* (સરટન) કોઇ. सर्टन—एक. Some.
Rats, *n.* (રૅટઝ) ઘુસો. रॅटस्—घुशी. Large mice.
Ate up, *v. t.* (એટ અપ) ખાઇ ગયા. एट्—खाल्लें. Consumed.
Villagers, *n.* (વિલેજર્ઝ) ગામડીયાઓ. व्हिलेजर्स—खेड्यांतील लोक. Those who live in the village.

Afraid, *adj.* (અફ્રેડ) બીધેલા. अफ्रेड—भ्यालेले. Struck with fear.
Boldly, *ad.* (બોલ્ડલિ) હિમ્મતથી. बोल्डलि—धिटाईनें. Without fear.
Head-man, *n.* (હૅડ-મૅન) પટેલ. हेडमन्—पाटील. The chief of the village.

Swarms, *n.* (સ્વૉરમઝ) ટોળાં. स्वार्म्स—टोळया Crowds.
Strange, *adj.* (સ્ટ્રેન્જ) અજાણ્યો स्ट्रेंज्—विलक्षण. Foreign.
Fakeer, *n.* (ફકીર) ફકીર. फकीर—फकीर. Dervish.
Saringi, *n.* (સારિંગી) સારંગી. सारिंगी.—सारंगी. Harp.
Clever, *adj* (કલેવર) હુશિયાર. क्लेव्हर—हुशार. Skilful.

Gladly, *ad.* (ગ્લૅડલિ) ખુશીથી. ग्लॅडलि—आनंदानें. खुषीनें. Willingly.
Began, *v. t.* (બિગૅન) શરૂ કીધી. बिगॅन्-आरंभ केला. Commenced.
To listen, *inf.* (લિસ્‌ન) ધ્યાનથી સાંભળવું. लिसन्-ऐकावयास. Hear attentively.
Sweetly, *ad.* (સ્વીટલિ) મધુર અવાજે. स्वीटलि—मधुर In a sweet tune.
Families, *n.* (ફૅમિલિઝ) કુટુંબો. फॅमिलीज्—कुटुंबें. Households.
